
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ જુલાઈ, ૨૦૨૬
વર્ષ : ૫૧ ● અંક : ૭



# પોતે પાછળ, સૌને આગળ

ગુરુપૂર્ણિમા અવસરે વ્હાલા ગુરુજીના દાસત્વભાવનું દિવ્ય દર્શન


૧


૨


૩


૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ


૫


૬



૭


૮

(૧) દિવ્ય સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહ : પુણે (મહારાષ્ટ્ર) (૨–૪) મહારાષ્ટ્ર ઝોનમાં અનુક્રમે પુણે, નવી મુંબઈ તથા કાંદિવલીના પ્રેમી ભક્તોને લાડ લડાવતા ગુરુજી (૫–૭) ગોધર ઝોનમાં અનુક્રમે ગોધર, લુણાવાડા, વીરપુર ખાતે દિવ્ય સત્સંગ વિચરણ (૮) સ્વામિનારાયણ ધામ ખાતે પધરામણીમાં લાભ

## શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

# Divine Discipline

(જુલાઈ માસના સંકલ્પો)

### દિવ્યવાણી

શાંતિથી બોલીએ. ક્રોધ, ગુસ્સો, અકળામણ, ઉદ્વેગ કે આવેશમાં આવીને ન બોલીએ.

### જનરલ શિસ્ત

મંદિરમાં કે જાહેર સ્થળો પર પૂ. સંતો કે જવાબદાર સભ્ય દ્વારા કોઈ પણ માધ્યમથી આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરીએ.


GHANSHYAM

10 July, 2026 • Year : 51 • Edition : 07

ઘનશ્યામ

૧૦ જુલાઈ, ૨૦૨૬ ● વર્ષ : ૫૧ ● અંક : ૦૭



૦૪ દિવ્યવાણી

૦૬ ગુરુ ગુરુ તો સહુ કહે...

૦૮ મહારાજ અને ગુરુદેવમાં ડૂબીને વર્ત્યા

૧૨ ગુરુપદે હોવા છતાં પ્રજ્વલિત છે જ્યોત દાસત્વની

૧૬ ગુરુપદે હોવા છતાં પ્રસરે છે ફોરમ સાધુતાની

૧૮ ગુરુજીમાં નિહાળી છે સિદ્ધાંતની ખુમારી



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ધનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org Email : magazine@in.smvs.org
કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ધનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

# દિવ્યવાણી

**તા. ૩૧-૫-૨૦૨૬ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**



કારણ સત્સંગમાં શ્રીજીમહારાજે આપણી ઉપર કૃપા કરી, જે પ્રાપ્તિ કરાવી દીધી છે તેનો વિચાર કરીએ તો આઠે પહોર આનંદ આનંદ વર્તે. પરભાવમાં શ્રીજીમહારાજ અને મોટાપુરુષે આપણને સેવકભાવમાં શ્રેષ્ઠતમ એવી અનાદિમુક્તની પદવી આપી છે. પરભાવની શ્રેષ્ઠ પદવીને શોભાડવા અવરભાવ પણ એટલો જ શ્રેષ્ઠ જોઈએ. અવરભાવને શોભાડે એવા ઘણા ગુણ, આવડત, બુદ્ધિ કે હોશિયારી હોય પણ જો સ્વભાવ ખરાબ હોય તો પરભાવ કલંકિત થાય છે. માટે આપણા પરભાવને શોભે તેવો શ્રેષ્ઠતમ અવરભાવ કરવા સ્વભાવ ટાળવા ફરજિયાત છે. તા. ૩૧-૫-૨૦૨૬ના રોજ પૂનમના સમૈયામાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સ્વભાવ ટાળવા વિષે અલભ્ય લાભ આપ્યો હતો. આવો, તેનું મનન-ચિંતવન કરી સ્વભાવ ટાળવા કટિબદ્ધ થઈએ.

શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૩૭મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘સ્વભાવ ટાળવા સત્પુરુષ, એમની રોકટોક, કડવાં વેણ અને તિરસ્કાર પણ જોઈએ.’ અત્યારે તો મોટાપુરુષ કડવાં વેણ કહેવાને બદલે હિંડોળાખાટે ગાદી-તકિયા પર બેસાડી હીંચકાવતાં હીંચકાવતાં સ્વભાવ ટળાવે છે. એટલે કે આપણને રાજી રાખીને, ફોસલાવી-પટાવીને આપણા સ્વભાવ ટળાવે છે. તેમ છતાં લજામણીના છોડ જેવા આપણા સ્વભાવ સહેજે લજાયા વગર રહેતા નથી. લગારેક કોઈની સાથે ઘર્ષણ થાય કે તરત આપણા સ્વભાવ ઝળકી ઊઠે છે.

તા. ૧-૫-૨૦૨૬ના રોજ પૂનમની સભામાં સ્વભાવ ટાળવા વિષે વાત થઈ હતી. સભા બાદ લાઈનમાં હરિભક્તો દર્શન કરવા આવતા હતા. દર્શનાર્થીની ઘણી ભીડ હતી. તેથી એક સ્વયંસેવકે સભામાં લાભ લેનાર એક યુવકના ખભા ઉપર સહેજ હાથનો સ્પર્શ કરી કહ્યું, “મહારાજ, દર્શનમાં ઉતાવળ રાખજો.” ત્યાં તો યુવકનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. સ્વયંસેવક સામે તાડૂક્યા કે, “શું હાલી મળ્યો છે ? બે વળગાડી દઈશ.” હજુ તો સ્વભાવ ટાળવાની સભા પૂર્ણ થયે પૂરી પાંચ મિનિટ પણ થઈ ન હતી તોપણ યુવકનો મંદિરમાં પણ સ્વભાવ ઝળકી ઊઠ્યો. તો પછી ઘરે શું સ્થિતિ થતી હશે ?

વ્યક્તિના સારા-નરસાપણાનું મૂલ્યાંકન રૂપ કે

પહેરવેશથી થતું નથી. સ્વભાવથી સારા-નરસાપણાનું મૂલ્યાંકન થાય છે. સ્વભાવ જ તેના વ્યક્તિત્વની પહેચાન છે.

પરંતુ મોટો પ્રશ્ન પોતાના સ્વભાવ ઓળખાવાનો છે. મારો આ સ્વભાવ મને લજાવે છે, ખરાબ છે એવું ઓળખાય તો તેમાં સુધારો કરવાનો પ્રયત્ન થાય. માટે સ્વભાવ ટાળવા પ્રથમ તેને ઓળખવો એ પ્રાથમિક બાબત છે.

સ્વતપાસ કરશો તો બે સ્વભાવ આજના પ્રશ્નોનું મૂળ છે : (૧) સ્વાદિયો સ્વભાવ, (૨) સંબંધીમાં હેત. સ્વાદિયો સ્વભાવ અવરભાવમાં તો પ્રશ્નો સર્જે છે પરંતુ પરભાવનો મોક્ષનો માર્ગ પણ બગાડે છે. એક લવજી નામનો દરજી રીંગણ લઈ ઘરે આવ્યો. પત્નીને કહ્યું, "આજે બપોરે ભરેલા રીંગણનું શાક બનાવજો." પરંતુ તેમના પત્નીએ દાળ ઓરી દીધી હોવાથી બીજા દિવસે રીંગણનું શાક બનાવવાનું નક્કી કર્યું. લવજી બપોરે જમવા આવ્યો. રીંગણનું શાક ન જોતાં પિત્તો ગયો. પત્નીને મહેણું મારતાં કહ્યું, "આના કરતાં તો તેં સાંગા પટેલનો કૂવો પૂર્યો હોત તો સારું હતું." પતિનાં મહેણાં-ટોણાં પત્નીને હાડોહાડ લાગી ગયાં. તેઓ સાચે જ સાંગા પટેલના કૂવામાં પડ્યાં. પોલીસ કેસ થતાં લવજીને બાર વર્ષની જેલની સજા થઈ. બાર વર્ષ પછી ફરી લગ્ન કર્યાં ત્યારે રીંગણનું શાક મળ્યું.

સ્વાદના સ્વભાવને કારણે ક્રોધ આવતો હોય છે માટે બધાને આજ્ઞા કરીએ છીએ કે, **'આજથી કોઈએ જમાડતી વખતે કાંઈ બોલવું નહીં. થાળીમાં જે આવે તે પ્રેમથી જમી લેવું. જમતી વખતે કે જમાડ્યા પછી પણ કાંઈ ન બોલવું. લખીને પણ ન આપવું.'**

મોક્ષ માર્ગમાં બીજો નડતરરૂપ સ્વભાવ સંબંધીમાં હેતરૂપી વાસના છે. સૌરાષ્ટ્રના રુગ્નાથપુર (ખોડી) ગામના અરજણભાઈ વેકરિયાને શ્રીજીમહારાજ તેડવા પધાર્યા. શ્રીજીમહારાજ તેમને વિમાનમાં બેસાડીને લઈ જતા હતા. ત્યાં રસ્તામાં તેમની દીકરીનું ગામ જીકિયાળી આવ્યું. વિમાન દીકરીના ખેતર પરથી પસાર થતું હતું ત્યારે અરજણબાપાએ જોયું તો ખેતરમાં હરાયાં ઢોર પેસી ગયાં હતાં. જમાઈ ખાટલામાં સૂઈ ગયા હતા. તેથી અરજણબાપાને ચિંતા પેઠી કે આ જમાઈને જો કોઈ ઉઠાડશે નહિ તો દીકરીનું ખેતર ભેળાઈ જશે. એ જ વખતે શ્રીજીમહારાજે સંતોને પૂછ્યું, "સંતો, વિમાનમાં શાની દુર્ગંધ મારે છે ?" મહારાજે કહ્યું, "સંતો, આ ડોસાને એની પુત્રીમાં હેતરૂપી વાસના રહી ગઈ છે. માટે વાસનાની દુર્ગંધ આવે છે. તેથી હવે આપણે તેમને પાછા મૂકીને જઈએ."

મહારાજ આટલું બોલ્યા ત્યાં તો અરજણબાપા નનામીમાં બાંધેલા હતા ત્યાં હલ્યા, બેઠા થયા. બધાએ પૂછ્યું, "બાપા, શું થયું ?" પણ તેઓ કાંઈ બોલ્યા નહીં. અંતરમાં વાસનાની ગંધ રહી ગઈ હતી તેનું બહુ દુઃખ લાગ્યું. બાપાએ ગંધ ટાળવા સદ્. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય સદ્. બાલમુકુંદદાસજી સ્વામી પાસે જવાનું નક્કી કર્યું. રસ્તામાં ચાલતાં વિચાર થયો : ખાલી હાથે સ્વામીનાં દર્શને ન જવાય. તેથી સાવરકુંડલાના કંદોઈ હરિભક્ત પાસે દૂધમાં સેવ અને મેથીપાકના લાડુ બનાવડાવ્યાં.

આ બાજુ સદ્. બાલમુકુંદદાસજી સ્વામી ચલાળા પાસેના માળિલા ગામમાં સભામાં વાત કરતા હતા કે, "સ્વામિનારાયણ ભગવાન તો દયાના મહાસાગર છે. પોતાના શરણાગત આશ્રિતના યોગક્ષેમનું (જે વસ્તુ ન હોય તે મેળવવી અને હોય તેનું રક્ષણ કરવું) વહન કરે છે. અરે, પોતાના આશ્રિતને ડુંગરની ટોચ ઉપર પણ લાડુનું ભોજન કરાવે છે એવા સ્વામિનારાયણ ભગવાન અતિ દયાળુ છે." આ દિવસે સભામાં આવનાર એક ગરીબ હરિભક્તની દાળ-રોટલાની રસોઈ હતી. તેમણે તેમના વાળંદ મિત્રને પ્રસાદી લેવા માટે બોલાવ્યા હતા. તેમને લાડુમાં ખૂબ આસક્તિ. તેથી બોલકા મિત્રએ સ્વામીને કહ્યું, "સ્વામી, આજે તો તમારા સ્વામિનારાયણ લાડુ જમાડે તો ખરા." સવારના અગિયાર વાગ્યા હતા. સંતો થાળ કરવાની તૈયારી કરતા હતા. હવે તાત્કાલિક લાડુ બનાવવા શક્ય ન હતા. તેથી સ્વામીએ કહ્યું, "ભાઈ, અમે અક્ષરધામના અમૃત જેવી વાતો કરીએ છીએ અને તને લાડુ સાંભરે છે !"

એ જ વખતે મંદિરનું દ્વાર ખટખટાવી અરજણ ભગત પ્રવેશ્યા. તેમને જોતાં જ સ્વામીએ કહ્યું, "આવો ભગત, ગંધ કાઢવા આવ્યા છો !" "હા સ્વામી, આ વખતે ગંધ મૂળમાંથી કાઢી નાખો. જેથી મહારાજને બીજી વખત દાખડો કરવો ન પડે. અને લ્યો આ ટોપલો. એમાં દૂધમાં બનાવેલ સેવ અને મેથીપાકના લાડુ છે તે ઠાકોરજીને જમાડો." સ્વામીએ સંતોને થાળમાં લાડુ ધરાવવાની આજ્ઞા કરી. થાળ પછી સ્વામીએ વાળંદને બોલાવી કહ્યું, "આજે મહારાજે પંક્તિમાં દાળ-રોટલા સાથે લાડુ આપ્યા માટે હવે કંઠી પહેરી સત્સંગી થાવ." વાળંદે કહ્યું, "સ્વામી, તમેય ખરા અને તમારા સ્વામિનારાયણ પણ ખરા. લો પહેરાવો ડોકમાં કંઠી અને આપો હાથમાં લાડુ."

સ્વામીએ અરજણ ભગતને બે મહિના રાખી સમાગમ કરાવી અંતરમાંથી વાસનાની ગંધ કાઢી નાખી. પછી શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા. અહીં જરૂર પડે સત્પુરુષની. માટે આપણામાંથી સ્વભાવની ગંધ કાઢવી હોય તો અરજણ ભગત જેવા ભૂખ્યા અને ગરજુ થવું પડે. મહારાજ, બાપા ને ગુરુદેવના ચરણોમાં એ જ પ્રાર્થના કે અમે તમારા છીએ. બસ, ટાણું આવે ત્યારે સ્વભાવરૂપી ગંધ ટાળી અમને સંભાળી લેજો.



# "ગુરુ ગુરુ તો સહુ કહે પણ,
# સૌના ગુરુ એક સહજાનંદ."

શ્રીજીમહારાજે શ્રીમુખે વડતાલના ૧૮મા વચનામૃતમાં સર્વે આશ્રિતમાત્રના ઇષ્ટદેવ અને ગુરુ પોતે જ છે એવા સિક્કા માર્યા છે. એ જ શ્રીજીમહારાજ આજે આપણને પ્રતિમા સ્વરૂપે સાક્ષાત્ મળ્યા છે. તે મૂર્તિ, પ્રતિમા કે ફોટો નથી; સાક્ષાત્ જ છે.

પરંતુ જીવની એવી પાત્રતા નથી કે સ્વામિનારાયણ ભગવાનના દિવ્યાતિદિવ્ય સ્વરૂપને ઓળખી શકે. એવાં નેત્ર નથી કે એ દિવ્ય સ્વરૂપનાં દર્શન કરી એમને માણી શકે કે પામી શકે. વર્તમાનકાળે તો શ્રીહરિ પ્રતિમા ધર્મ બજાવે છે તો શું એમના સ્વરૂપની યથાર્થ ઓળખાણ ન થાય ? થાય. તો કેવી રીતે ?

પુરુષોત્તમનો નિશ્ચય અને પુરુષોત્તમનું દર્શન પુરુષોત્તમ વતે જ થાય છે. પણ માધ્યમ સત્પુરુષને બનાવે છે. અનંત જીવનાં આત્યંતિક કલ્યાણ કરવા શ્રીહરિ પોતાના જ સંકલ્પથી અનાદિમુક્ત સત્પુરુષને આ બ્રહ્માંડમાં મોકલે છે. પોતે તેમના દ્વારા કર્તા બનીને પોતાના સ્વરૂપની ઓળખાણ મુમુક્ષુ જીવોને કરાવે છે. અર્થાત્ મહારાજ પોતાના સ્વરૂપનું જ્ઞાન અને મૂર્તિનું સુખ આપવાનું દ્વાર સત્પુરુષને બનાવે છે. શ્રીજીમહારાજના સંકલ્પથી વિચરતા એવા અનાદિમુક્ત સત્પુરુષ જેને ગુરુ સ્વરૂપે જ્યારે મળે ત્યારે તે ન્યાલંન્યાલ થઈ જાય છે.

એસ.એમ.વી.એસ.નો આ કારણ સત્સંગનો ત્યાગી-ગૃહી સમાજ અત્યંત અત્યંત કૃપાવંત છે કે શ્રીહરિના સંકલ્પથી જેમણે આ બ્રહ્માંડમાં દર્શન આપ્યાં છે એવા ગુરુદેવ પ.પૂ. બાપજી જેવા દિવ્ય અનાદિમુક્ત સત્પુરુષની ભેટ મળી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ માત્ર એસ.એમ.વી.એસ. પરિવાર પર જ નહિ, સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય પર તથા મોક્ષભાગી મુમુક્ષુ આત્માઓ પર કરુણાનો ધોધ વહાવી પોતા સમાન સમર્થ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની પરભાવી ભેટ આપી અને પોતે જ તેમની ઓળખાણ કરાવી. ગુરુદેવના આ ઉપકાર માટે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય તેમનો ઋણી છે અને રહેશે. ગુરુજીનાં દર્શન કરી જીવનને માણતાં અંતર ડોલી ઊઠે છે કે,

"આજ આનંદ ઉર ન માંય, આવા દિવ્ય ગુરુ પામી,
અનંત ઉપકાર કહ્યા ન જાય, આવા દિવ્ય ગુરુ પામી.
જુઓ કેવા મળ્યા ને કેવા કર્યા, આવા દિવ્ય ગુરુ પામી,
મૂર્તિ મૂર્તિ મૂર્તિથી ભર્યા, આવા દિવ્ય ગુરુ પામી.
નિર્દોષબુદ્ધિએ મોટાને સેવો, આવા દિવ્ય ગુરુ પામી,
આપે મહારાજ રૂપી મેવો, આવા દિવ્ય ગુરુ પામી.
ગુરુવચને રહેવું કરી પ્રીત, આવા દિવ્ય ગુરુ પામી,
ગુરુપૂજનની આ ખરી રીત, આવા દિવ્ય ગુરુ પામી."

ગુરુપૂર્ણિમા ઉત્સવે દરેક શિષ્ય ગુરુપૂજન કરવા તત્પર હોય છે. અધ્યાત્મ પંથના પથિક મુમુક્ષુ શિષ્ય માટે ગુરુપૂર્ણિમા ઉત્સવ એ કૅલેન્ડરનાં પાનાં પર આવતી અષાઢ સુદ પૂનમની તિથિ નથી કે શ્રીફળ, સાકર અને પુષ્પગુચ્છથી કરાતા ગુરુપૂજનનો ક્રિયાત્મક વિધિ નથી. તો શું છે આ ગુરુપૂર્ણિમા ઉત્સવ ? શિષ્યને મન તેનું શું મૂલ્ય છે ?

ગુરુપૂર્ણિમા ઉત્સવ એક અમૂલખ અવસર...
ગુરુઉપકારના અનંત ઋણમાંથી છૂટવાનો...
ગુરુએ સેવેલા સિદ્ધાંતોને જીવનમાં લક્ષ્યાર્થ કરવાનો...
ગુરુના પ્રાગટ્યના પ્રયોજનને સાકાર કરવાનો...
ગુરુના આદેશનો સ્વજીવનમાં અમલ કરવાનો...
ગુરુની રીતે રીત કરવાનો...
ગુરુના દિવ્યજીવનમાંથી પ્રેરણા પામ્યાનો...
ગુરુના મહિમાનું અને ગુણોનું ગાન કરવાનો...

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાની પ્રતિકૃતિ સમાન વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સામે દૃષ્ટિ રાખી તેમને પોતાના જીવનનું રોલ મૉડલ બનાવવાની અભિરુચિ જણાવતાં કહ્યું છે કે,

"સ્વામી સામે દૃષ્ટિ રાખજો, રાજી કરજો એવા થાજો."

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી અનંત ગુણોનો મહાસાગર છે. પોતે સ્વયં ગુરુપદે બિરાજ્યા છે છતાં ઊપસવાને બદલે ઓગળીને જ વર્ત્યા છે. શ્રીહરિના અને બાપાશ્રીના સર્વોપરી સિદ્ધાંતોના પ્રવર્તન કાજે રાત્રિ-દિવસ જોયા વિના ખપી રહ્યા છે. શ્રીહરિ અને ગુરુદેવમાં પોતાનું અસ્તિત્વ ઓગાળીને જ વર્ત્યા છે અને વર્તી રહ્યા છે. માત્ર શ્રીહરિ અને ગુરુદેવના જ નહિ, સંતો-હરિભક્તોના પણ દાસ થઈ ગુરુત્વના સર્વોચ્ચ પદને શોભાવે છે. તે જ તેમના અસાધારણ ગુરુપણાનાં દર્શન છે. ગુરુપૂર્ણિમાના સપરમા અવસરે ગુરુદેવની અભિરુચિ 'સ્વામીને રાજી કરી એના જેવા થાજો' સાકાર કરવા, ગુરુજીની રીતે રીત કરવા, એમનાં જીવનનું દર્શન કરી સ્વજીવનમાં પ્રેરણા પામવા ગુરુજીના જીવનના કિંચિત્ ગુણોને આ ગુરુપૂર્ણિમા વિશેષાંકમાં નિહાળીએ. ગુરુજીના જીવનપ્રસંગોને માત્ર વાંચી ન જતાં હવે ગુરુજીની રીતે રીત કરવાનો સમય આપણો છે એ વિચાર રાખી સ્વજીવનમાં એવા ગુણ કેળવવા દૃઢ સંકલ્પ કરી સાચા અર્થમાં ગુરુપૂજન કરી ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરીએ.



# મહારાજ અને ગુરુદેવમાં ડૂબીને વર્ત્યા

સારાય વિશ્વમાં મનુષ્યની દૃષ્ટિએ સૌથી કઠિન બાબત જો કોઈ હોય તો તે છે સર્વોચ્ચ પદે બેસીને શૂન્યભાવે વર્તવું. જ્યારે સમગ્ર સત્સંગ સમાજ જેમના ચરણે અહોભાવથી નમતો હોય, સેંકડો મુમુક્ષુઓ જેમનાં દર્શન-સમાગમ માટે ચાતક પક્ષીની જેમ પ્રતીક્ષા કરતા હોય એવા સત્પુરુષ સર્વોચ્ચ ગુરુપદે બિરાજમાન હોવા છતાં સ્વયંના અસ્તિત્વને ઓગાળીને કેવળ પૂર્ણ પુરુષોત્તમનારાયણ અને પોતાના ગુરુદેવમાં સમાઈને વર્તે, ચરણરજ થઈને વર્તે એ જ એમની સત્પુરુષ તરીકેની પરમ ઓળખ છે.

એસ.એમ.વી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુ, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્યજીવન પર એક નજર નાખતાં સૌ કોઈની આંખ સામે એક વિસ્મયકારી છતાં નક્કર વાસ્તવિકતા તરવરે છે કે ગુરુજીએ સ્વયંનું સમગ્ર અસ્તિત્વ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિ તથા પોતાના ગુરુદેવ પ.પૂ. બાપજીમાં ઓગાળી દીધું છે. જે પ્રસંગોપાત્ત છતરાયું થયા વિના રહેતું નથી.

આજે આ ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે ગુરુજીના દિવ્યજીવનની એક ઝાંખી કરીએ કે, ગુરુપદે બિરાજમાન હોવા છતાં તેઓ પોતાના ઈષ્ટદેવ એવા સ્વામિનારાયણ ભગવાન અને ગુરુદેવ પ.પૂ. બાપજીમાં કેવા ડૂબીને વર્તી રહ્યા છે.

૨૩ માર્ચ, ૨૦૨૫. મોરબીની પવિત્ર ધરા પર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાનાર હતો. આજના દિવસના ઉત્સવની શરૂઆત શોભાયાત્રાથી થવાની હતી. શોભાયાત્રામાં સ્પૉટ પર ઠાકોરજીને બિરાજમાન કરવા સુંદર આસન હતું અને ગુરુજી માટે સોફાની વ્યવસ્થા કરી હતી. શોભાયાત્રા શરૂ થઈ. સ્પૉટ પર બિરાજમાન હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીનાં દર્શન કરતાં સૌ કોઈ આનંદમાં ગરકાવ થઈ ગયા. પરંતુ ગુરુજીના મુખ પર કંઈક ચિંતાની રેખાઓ ઊપસતી જણાતી હતી. તેમની દૃષ્ટિ વારંવાર સુશોભિત આસન પર બિરાજમાન હરિકૃષ્ણ મહારાજ પર જતી હતી. શોભાયાત્રા થોડી આગળ વધી. રસ્તામાં નાનો ખાડો આવતાં સ્પૉટમાં સહેજ આંચકો આવ્યો. ગુરુજીએ તરત જ હરિકૃષ્ણ મહારાજને પોતાની ગોદમાં લઈ લીધા અને હાશકારો અનુભવ્યો.

બાજુમાં બેઠેલા પૂ. સંતે ગુરુજીને પ્રાર્થના કરી, "દયાળુ, ઠાકોરજી અમને આપો. આપ સુખેથી બિરાજો." ગુરુજીએ સંતને કહ્યું, "સ્વામી, તમે ખુરશી પર બેઠા છો એટલે તમને હરિકૃષ્ણ મહારાજ આપું તો અમે મહારાજને ખુરશીમાં બિરાજમાન કર્યા કહેવાય. અમે સોફા પર ને ઠાકોરજી ખુરશીમાં !! એ તો ઠાકોરજીનો અપરાધ કર્યો કહેવાય. જો તમારે હરિકૃષ્ણ મહારાજને લેવા હોય તો તમે સોફા પર આવી જાવ; અમે ખુરશીમાં આવી જઈએ. પછી ઠાકોરજીને તમે જ રાખજો." આ સૂચન કોઈ સંતોએ સ્વીકાર્યું નહીં. તેથી શોભાયાત્રામાં ગુરુજી જ હરિકૃષ્ણ મહારાજને ખોળામાં લઈને બિરાજ્યા. શ્રીહરિની મૂર્તિમાં અખંડ રહેવા છતાં હરિકૃષ્ણ મહારાજને ખોળામાં બિરાજમાન કરવાનો ગુરુજીને કેટલો આનંદ વર્તતો હતો તે સ્પૉટ પર બિરાજેલા તમામ સંતો-ભક્તો પિછાની શકતા હતા. શોભાયાત્રામાં ગુરુજી સૌ ભક્તો પર પુષ્પવૃષ્ટિ કરતા હતા. હસ્ત જોડી સૌને જય સ્વામિનારાયણ પાઠવતા હતા. આવા વખતે ઠાકોરજીને સાચવવામાં ગુરુજીને થોડી મુશ્કેલી પડતી છતાં ગુરુજીને તકલીફની ગણના નહોતી; ઠાકોરજીના હજૂરી સેવક બન્યાનો આનંદ હતો.

ઠાકોરજીની ગરિમા અને ઠાકોરજીની સેવાનું મહાત્મ્ય સ્વયંના સુખ અને પદ કરતાં પણ સદાય મોખરે રાખવાનો પાઠ ગુરુજીના દિવ્યજીવનમાંથી હરપળ સૌને શીખવા મળતો જ રહ્યો છે.

• • •

ઈ.સ. ૨૦૨૪નો એ દિવ્ય ગુરુપૂર્ણિમા ઉત્સવ. સવારના ૭:૩૦ વાગ્યે અમદાવાદ, વાસણા ખાતે ગુરુજીના દિવ્ય સ્વાગતની જોરશોરથી તૈયારીઓ ચાલતી હતી. સમય થતાં સારાય મંદિરમાં કોલાહલ થવા લાગ્યો, "સાંભળો, ગુરુજી વાસણા બસ સ્ટૅન્ડે પધારી ગયા છે. ઝટ કરો, ઉતાવળ કરો. હમણાં મંદિરે આવી પહોંચ્યા."

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વાસણા બસ સ્ટૅન્ડથી મંદિર સુધી પગપાળા પધારી રહ્યા હતા. સંતો-ભક્તો ગુરુજીનાં દર્શન કરતા હતા. કોઈ ગુરુજીને હાથ જોડતા હતા તો કોઈ પ્રાર્થના કરતા હતા. કોઈ ગુરુજીનો આભાર વ્યક્ત કરતા હતા તો કોઈ ગુરુજીનાં દર્શન

કરતાં ગદ્‌ગદ થઈ જતા હતા.

પરંતુ આ ગુરુજી તો સદા શ્રીહરિની મૂર્તિમાં લીન થઈને વર્તનાર સ્વરૂપ. તેમની દૃષ્ટિ તો બાજુમાં ચાલતા સેવક સંતના હસ્તમાં રહેલા હરિકૃષ્ણ મહારાજ સમક્ષ હતી. ગુરુજીએ સેવકભાવે સંત સામે હસ્ત લંબાવીને કહ્યું, "લાવો, ઠાકોરજી અમને આપો. ઠાકોરજીને લઈને અમે ચાલીશું." ત્યારે સંતોએ પ્રાર્થના કરી, "દયાળુ, આજે તો ગુરુપૂર્ણિમાનો અવસર છે. આપ અમારા ગુરુ છો. આજે આપને ઠાકોરજી ન લેવાય. આજે તો આપે આશીર્વાદ જ આપવાના હોય."

આ સાંભળતાં ગુરુજીનું અંતર દ્રવી ઊઠ્યું. તેઓએ ભીના સ્વરે કહ્યું, "સંતો, મહારાજ તો મારા બાપ છે. એમને કેમ ન લેવાય ? PMની મોટપ આગળ CMની મોટપ ઢંકાઈ જાય. આ રાજાધિરાજ આગળ અમારી શું ગણતરી ? જગતમાં તો CM ક્યારેક એકલા પણ હોય. PM કંઈ કાયમ સાથે ન હોય. સંતો, આ અમારા PM (મહારાજ) તો અમારાથી કદી અળગા રહેતા નથી એટલે અમને કાયમ દાસપણું રહે છે. સંતો, જે અખંડ મૂર્તિમાં રહેતા હોય એમને આપણે શું ઓળખી શકીએ ? જે કદી અળગા નથી પડતા. જેમને કદી શ્રીહરિનો વિયોગ નથી. જેમને શ્રીહરિ કદી છેટા મનાતા નથી એમને કહેવાય સત્પુરુષ. એ જ કહેવાય ગુરુ. દેશમાં હોય કે વિદેશમાં; અમે મહારાજથી જુદા થતા જ નથી તો એમની આગળ માથું કઈ રીતે ઊંચું થાય !!" એટલું કહી ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજ પોતાના હસ્તમાં લઈ લીધા.

સંસ્થાના સર્વોચ્ચ પદે બિરાજ્યા છતાં, અનંત મુમુક્ષુના હૃદય સિંહાસનમાં બિરાજવા છતાં પોતાના ઈષ્ટદેવમાં સંપૂર્ણ ઓગળીને વર્તવું એ તો ગુરુજીની આગવી ઓળખ બની રહી છે. અમે કશું જ નથી. જે કંઈ થાય છે, કરે છે તે બધું શ્રીહરિ જ કરે છે. તેમના સંકલ્પથી જ થાય છે તેવું અકર્તાપણું સદાને માટે ગુરુજીએ ધારી રાખ્યું છે. પોતાના ઈષ્ટદેવમાં તો ઓગળીને વર્તે છે પણ ગુરુસ્થાને બિરાજવા છતાં ગુરુજી અદ્યપિ પર્યંત પોતાના ગુરુદેવમાં પણ ડૂબીને કેવા વર્તી રહ્યા છે.

• • •

જગતનો નિયમ છે કે સમયના વહેણની સાથે સ્મૃતિઓ પણ ધૂંધળી થતી જાય છે. ગુરુદેવ પ.પૂ. બાપજી આ લોકમાં દર્શન આપતા ત્યાં સુધી તો ગુરુજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીની પળે પળે ગરિમા સાચવી છે. ગુરુદેવ પ.પૂ. બાપજીનું સર્વે પ્રકારે જતન કર્યું છે. આદર્શ શિષ્યની વિભાવના પણ અધૂરી લાગે જે ગુરુદેવ પ્રતિ ગુરુજીના શિષ્યત્વને નિહાળતાં પૂરી થઈ જાય એવું આદર્શ શિષ્યત્વ બજાવ્યું છે પરંતુ આજે ગુરુદેવ પ.પૂ. બાપજીને અંતર્ધાન થયે સાત સાત વર્ષનાં વહાણાં વહી ગયાં છતાં આજે પણ ગુરુજીના અંતરમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની ગરિમા, ગુરુદેવ પ્રતિ સેવકભાવ, ગુરુદેવ પ.પૂ. બાપજી સાથેની પ્રીતિ એવી ને એવી અકબંધ છે. સમયનું વહેણ પણ ગુરુજીની ગુરુદેવ પ્રત્યેની ગરિમાને સહેજ પણ ઝાંખી પાડી શક્યું નથી.

ઈ.સ. ૨૦૧૯નો એ સપ્ટેમ્બર મહિનો. એસ.એમ.વી.એસ. સંસ્થાનો સમગ્ર ત્યાગી-ગૃહી સમાજ હજુ તો ગુરુદેવ પ.પૂ. બાપજીની અંતર્ધાન લીલાના આઘાતમાં જ ડૂબેલો હતો. એ વખતે ગુરુદેવ પ.પૂ. બાપજીની અંતર્ધાન લીલા નિમિત્તે વાસણા મુકામે તા. ૧થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન વચનામૃત પારાયણનું આયોજન થયું હતું. દરરોજ સવાર-સાંજ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વ્યાસપીઠ પર બિરાજી સૌ સંતો-ભક્તોને ગુરુદેવ પ.પૂ. બાપજીના વિરહમાંથી મુક્ત કરી મહિમાકારે કરી રહ્યા હતા.

સભામાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ગુરુદેવ પ.પૂ. બાપજીએ કેવી ઉપાસના-નિષ્ઠાની શુદ્ધિ કરાવી છે તેની વાત કરતા હતા. એ વખતે ગાંધીનગરમાં રહેતા હરિભક્ત જયંતિભાઈએ સભા વચ્ચે ઊભા થઈ ગુરુજીને કંઈક કહેવા વિનંતી કરી. તેમને કોડલેસ માઇક મળતાં પોતાના સ્વાનુભવનો એક પ્રસંગ કહ્યો.

પ્રસંગ કથન બાદ મહાત્મ્યભીના હૈયે તેઓના મુખેથી ઉદ્‌ગાર સરી પડ્યા, "ગુરુજી, આપ તો ગુરુદેવ કરતાં પણ સવાયા સાબિત થયા."

ગુરુદેવ પ.પૂ. બાપજી કરતાં પોતાને સવાયા કહ્યા આટલા જ શબ્દો સાંભળતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની ભ્રૂકુટિ વાંકી થઈ ગઈ. મુખારવિંદ પર નારાજગીના ભાવો ઊપસી આવ્યા. પોતાને સવાયા કહેવામાં ગુરુદેવનું મહાત્મ્ય ઘટતું હોય તેવું

લાગ્યું. વાત નાની હોવા છતાં સભા વચ્ચે જ જયંતિભાઈને બોલતા અટકાવી શિક્ષાત્મક ટકોર કરતાં કહ્યું, "આજે બોલ્યા એ બોલ્યા. ફરી બોલતા તો નહિ પરંતુ મનમાં પણ વિચારતા નહીં. આવું ગાંડપણ ક્યારેય નહિ કરવાનું. ગુરુદેવ એ ગુરુદેવ છે. એમની વાત ન થાય. એમની આગળ આપણી શું ગણતરી ! ગુરુદેવના પેંગડામાં અમારો પગ ન આવે. આજે આ ભૂલ કરી તે બદલ એક નકોરડો ઉપવાસ. હવે આગળ ન બોલશો; બેસી જાવ." ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અંતરમાં રહેલી ગુરુદેવ પ.પૂ. બાપજી પરત્વેની સર્વોત્તમ ગરિમાનાં દર્શન કરતાં સંતો-હરિભક્તો નતમસ્તક થઈ ગયા.

• • •

તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૨૧, સોમવાર. આજે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સવારથી નરોડા વિસ્તારની પધરામણીમાં વ્યસ્ત હતા. પધરામણી પૂર્ણ કરી ઘનશ્યામનગર મંદિરે ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે ગુરુજી લાભ આપવા પધારવાના હતા. ઘણા સમય બાદ ગુરુજી ઘનશ્યામનગર પધારવાના હોવાથી સંતો-ભક્તોના હૈયે ખૂબ આનંદ હતો. હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના સ્વાગત માટે હરિભક્તોએ નવીન વ્યવસ્થા કરી હતી. સભા હૉલમાં વચ્ચે સુગંધિત જળની ક્યારી કરીને આગમન પથ બનાવવામાં આવ્યો હતો. આજુબાજુ ફૉગિંગ (ધુમ્મસ) કરતા માટીના ઘડા ગોઠવવામાં આવ્યા હતા. ગુરુજી આ જળમાં ચાલીને સભામાં પધારે તેવા સૌ સંતો-ભક્તોના કોડ હતા.

ગુરુજી જ્યારે જમાડવા બિરાજ્યા ત્યારે પૂ. સંતોએ ગુરુજીને આવું વિશિષ્ટ રીતે આગમન રાખ્યું છે તેની વાત કરી. ત્યારે ગુરુજીએ સહજતાથી કહ્યું, "સંતો, ગુરુદેવ બાપજી ક્યારેય આ રીતે પધાર્યા નથી તો પછી અમારાથી આવા આગમન પથ પર કેવી રીતે ચલાય ? અમે વચ્ચેથી (પાણીમાંથી ચાલીને) નહિ આવીએ." સંતોએ ગુરુજીને ઘણી પ્રાર્થના કરી છતાં ગુરુજીએ સ્પષ્ટ અરુચિ જ જણાવી. જ્યારે તેઓ સભા હૉલમાં પધાર્યા ત્યારે આગમન પથ પર દૃષ્ટિ કરી પણ સાઇડમાંથી સ્ટેજ તરફ પધાર્યા.

'ગુરુદેવને નહોતું તો અમને નહિ જ' આ સિદ્ધાંતને હંમેશાં ધારી રાખનાર ગુરુજીનો ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રતિ દાસત્વભાવ જણાયા વિના રહેતો નથી.

• • •

તા. ૨ માર્ચ, ૨૦૨૪ના રોજ ગોધર ખાતે મંદિર વહીવટ પ્રવૃત્તિની સેવા સંભાળનાર મુક્તોને રાજીપો તથા આશીર્વાદ આપવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સભા હૉલમાં પધાર્યા. ગુરુજી સભામાં પધાર્યા તે સમયે સૌ હરિભક્તોએ ઊભા થઈ ગુરુજીનું સ્વાગત કર્યું. ગુરુજીએ સૌને હસ્તના લટકાથી બેસવાનું કહ્યું પણ કોઈ બેઠા નહીં. એ જ વખતે પોડિઅમ પરથી ઍનાઉન્સ થયું : હવે આપણે સૌ ગુરુજીને બે દંડવત કરીશું. હરિભક્તો અહોભાવથી ગુરુજીને દંડવત કરવા જતા હતા. એ જ વખતે ગુરુજીએ માઇક્રોફોન હસ્તમાં લઈ હરિભક્તોને દંડવત કરતા રોક્યા અને બોલ્યા, "ગુરુદેવ બાપજી સભામાં પધારતા ત્યારે તમે આ રીતે ઊભા થતા હતા ? આ રીતે એમને દંડવત કરતા હતા ?" આખી સભાએ ગંભીર સ્વરે ના પાડી. પણ અંતરમાં સૌનો ગુરુજી સાથેનો મૂક વાર્તાલાપ છેડાતો હતો કે, 'અમે અમારી પાત્રતાના અભાવે ગુરુદેવને નહોતા ઓળખી શક્યા તેથી તેમની ગરિમા સાચવી શક્યા ન હતા. જ્યારે મહારાજની કૃપાએ આપનો મહિમા સમજાતો જાય છે તો અમને શિષ્યત્વની ફરજ બજાવવાની પરવાનગી આપો.' સૌ સંતો-ભક્તોના મૂક વાર્તાલાપનો જવાબ ગુરુજીએ માઇક્રોફોનમાં આપ્યો, "જુઓ બધા બેસી જાવ. ગુરુદેવ બાપજી કરતાં અધિક સેવક માટે કશું જ ન થવું જોઈએ. આજે કે ભવિષ્યમાં ક્યારેય આવું નહિ જ કરવાનું. આમાં ગુરુદેવની ગરિમા ખંડિત થાય છે."

ગુરુદેવ પ.પૂ. બાપજીને અંતર્ધાન થયે સાત સાત વર્ષ થયાં છતાં ગુરુજી આજે પણ પોતાના ગુરુદેવથી અધિક વ્યવસ્થા, સગવડ, હરિભક્તોનાં માન-સન્માન ભોગવતા નથી. એટલું જ નહિ, ગુરુદેવના સમકક્ષ કદી બિરાજ્યા નથી. ગુરુદેવ પ.પૂ. બાપજી હંમેશાં ગુરુજી માટે કહેતા : અમારી બંનેની ભાગીદારી પેઢી છે. પરંતુ ગુરુજીએ ગુરુદેવની ગરિમામાં અદ્યપિ પર્યંત ઊની આંચ આવવા દીધી નથી. ગુરુપૂર્ણિમાના આ પવિત્ર પર્વે આપણા હૃદયાકાશમાં ગુરુજીની ગરિમા તથા ગુરુજી પ્રતિ દાસત્વભાવના દીપ પ્રગટાવી, એને સદા પ્રજ્વલિત રાખીએ !



# ગુરુપદે હોવા છતાં પ્રજ્વલિત છે જ્યોત દાસત્વની

લૌકિક પદવી જેમ જેમ પ્રાપ્ત થતી જાય તેમ તેમ દાસત્વભાવ અને નિર્માનીપણું વધતું જાય તો સમજવું ત્યાં શ્રીહરિનો સાક્ષાત્ સંબંધ છે. શ્રીહરિ જ તેમના સંપૂર્ણ કર્તા છે. આપણા વ્હાલા ગુરુજી એટલે આવા જ દિવ્ય સત્પુરુષ. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી ગુરુદેવના દાસ થઈને વર્ત્યા. એટલું જ નહિ, ગુરુપદે નિયુક્તિ થયા પછી પણ સંતો-હરિભક્તો સમક્ષ નર્યા દાસત્વભાવથી વર્તી ગુરુપદની વિભાવના તેઓએ બદલી આપી છે. 'પદના ભાનમાં ફરે તે ગુરુ નહીં. સૌના દાસ થઈને વર્તે તે ગુરુ.'

સાધુતાનું સાચું ઘરેણું એ છે કે સર્વોચ્ચ પદ પર હોવા છતાં હૃદયમાં અખંડ દાસત્વભાવ ધબકતો રહે. આ દાસત્વભાવનું જીવંત અને હૃદયસ્પર્શી દર્શન થયું ઈ.સ. ૨૦૨૧ની ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે રાજકોટની ધન્ય ધરા પર.

સાંજના બરાબર ૫ વાગ્યાનો સમય હતો. ગુરુપૂર્ણિમાનો દિવ્ય અવસર હતો. અહીં વ્હાલા ગુરુજીનાં નિકટ દર્શન-આશીર્વાદનો અદ્ભુત પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. ગુરુજી પધારવાના છે એ સમાચારમાત્રથી જ હરિભક્તોના હૃદયમાં આનંદનો સાગર હિલોળા મારવા લાગ્યો. તેઓના સ્વાગત માટે સંતો-હરિભક્તો સહિત નાનાં નાનાં ભૂલકાંઓ અને કિશોરો પણ કલાકો પહેલાંથી આગમનની પૂર્વતૈયારીમાં જોડાઈ ગયાં હતાં.

જ્યારે ગુરુજીની ગાડીએ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કર્યો ત્યારે વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ. ગુરુજીના સ્વાગત માટે બંને બાજુ શિસ્તબદ્ધ રીતે લાઈનસર ઊભેલા હરિભક્તોની આંખોમાં દર્શનની પ્યાસ છતી થતી હતી. ગાડીના દરવાજા પાસે પૂ. સંતો શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીના પૂજન માટે વિશિષ્ટ ડ્રાયફ્રૂટનો હાર લઈને ઊભા હતા.

જેવા વ્હાલા ગુરુજી ગાડીમાંથી બહાર પધાર્યા કે તરત જ હજારો કંઠમાંથી એકીસાથે નીકળેલા જયજયકારના નાદથી આખું ગગન ગુંજી ઊઠ્યું. હરિભક્તોના હાથ જોડાઈ ગયા અને પૂ. સંતોએ પરમ આદર તથા દિવ્યભાવ સાથે ભૂમિ પર જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને ગુરુજીનાં દર્શન કર્યાં.

હજારો હરિભક્તો ગુરુજીના સ્મિત માટે, એક દૃષ્ટિપાત માટે તલપાપડ હતા. સૌ જયઘોષ કરી રહ્યા હતા. પરંતુ અનંતકોટિ બ્રહ્માંડોના નાથ જેમના સંપૂર્ણ કર્તા છે એવા ગુરુજીની દૃષ્ટિ એ હજારોની મેદની તરફ નહોતી. ગુરુજીને પોતાના ગુરુપદનો રંચમાત્ર ભાર નહોતો. તેથી ગાડીમાંથી ઊતરીને તુરંત જ પોતાનું સ્વાગત-પૂજન થાય તે પહેલાં જાણે પોતાના વ્હાલા સંતોનાં દર્શન કરવા અત્યંત આતુર હોય તેમ તેમણે દૂરથી જ પૂ. સંતોનાં ચરણસ્પર્શ સમા ભાવથી દર્શન કર્યાં ! પોતાની દૃષ્ટિ સંતોના ચરણોમાં ઝુકાવી દીધી ! જે પુરુષના ચરણોમાં હજારો સંતો-ભક્તો નમે છે તે દિવ્યપુરુષ પોતાના જ દીક્ષિત અને ઉંમરમાં નાના સંતો સામે દાસ થઈને ઊભા રહે !

ગુરુજીના હૃદયની આ અગાધ નમ્રતા અને દાસત્વભાવ જોઈને સંતોનું હૃદય ભરાઈ આવ્યું. સંતોએ ગદ્ગદિત હૃદયે ગુરુજીનો દિવ્ય હસ્ત પકડીને પોતાના મસ્તક પર મુકાવ્યો અને આશીર્વાદ મેળવ્યા. ત્યારબાદ જ વિધિવત્ પૂજનની શરૂઆત થઈ શકી.

• • •

આવા જ એક અદ્ભુત નિર્માનીપણા અને દાસત્વભાવનાં દર્શન બોસ્ટનની ધરા પર થયાં હતાં.

બોસ્ટન ખાતે તા. ૩૧-૭-૨૦૨૨ ને રવિવાર સવારની વાત છે. વ્હાલા ગુરુજીએ સવારે પોતાનું નિત્ય ધ્યાન પૂર્ણ કર્યું. ધ્યાન બાદ દૈનિક આહ્નિકના ભાગ રૂપે ગુરુજીને પ્રદક્ષિણા તથા માળા કરવા માટે બહાર ખુલ્લા કેમ્પસમાં પધારવું હતું. સાધુની મર્યાદા મુજબ ગુરુજી એકલા બહાર જઈ શકે તેમ નહોતા. તેથી જોડમાં એક સંતની જરૂર હતી.

આ સમયે બે સંતો પ્રાતઃ સભાની પૂર્વતૈયારીમાં હતા અને બે સંતો વ્હાલા હરિકૃષ્ણ મહારાજનો થાળ બનાવી રહ્યા હતા. વ્હાલા ગુરુજીએ સંતોને સેવામાં વ્યસ્ત જોયા. તેઓ ધારે તો ગુરુ હોવાના નાતે ગમે તે સંતને તુરંત જ બધી સેવા છોડીને પોતાની સાથે આવવા માટે આજ્ઞા કરી શક્યા હોત. પરંતુ સાક્ષાત્ દાસત્વની મૂર્તિ વ્હાલા ગુરુજી પોતે પૂ. દર્શનસ્વામી પાસે પધાર્યા અને અત્યંત નમ્રતાપૂર્વક જાણે પોતે કોઈ નાના સેવક હોય તેવા ભાવ સાથે પૂછ્યું, “સ્વામી, સેવકને માળા કરવા કેમ્પસમાં જવું છે તો પૂ. મુનિસ્વામીને લઈ જઉં ?”

આ શબ્દો સાંભળતાં જ પૂ. દર્શનસ્વામી ગદ્ગદ થઈ ગયા, 'જેમના આશરે આખો એસ.એમ.વી.એસ.નો સમાજ તથા અનંત મુમુક્ષુઓ રહ્યા છે તેવા ગુરુજી આજે મારી પાસે પરવાનગી માગે છે !!' પૂ. દર્શનસ્વામીના હૃદયમાંથી અહોભાવનો સાગર છલકાઈ આવ્યો અને તેમણે ગદ્ગદ કંઠે વિનંતી કરી, “દયાળુ ! આપે અમને પૂછવાનું જ ન હોય. આપ જેને અને જ્યારે જે આજ્ઞા કરો તે પ્રમાણે જ અમારે કરવાનું હોય.”


પણ ગુરુજીની કરુણા અને સંવેદનશીલતા કેવી ! આટલું

સાંભળ્યા પછી પણ તેમને સંતોની ચિંતા હતી. તેથી તેમણે ફરીથી પૂછ્યું, “સંતો, તમને તકલીફ નહિ પડે ને ?”

પૂ. સંતોએ તરત જ હાથ જોડી વિનમ્ર વચને કહ્યું, “દયાળુ, રસોઈ પૂરી થવા આવી છે અને સભાની બધી તૈયારી થઈ ગઈ છે. માટે આપની સાથે પૂ. મુનિસ્વામી આવવા તૈયાર છે.” ત્યારબાદ જ ગુરુજી પૂ. મુનિસ્વામીને સાથે લઈને માળા-પ્રદક્ષિણા માટે કેમ્પસમાં પધાર્યા.

ખરેખર ગુરુજીને સંતોની પરવાનગી લેવાની જરૂર નહોતી. પરંતુ આપણને સત્સંગમાં નિર્માની થઈને કેવી રીતે વર્તવું, પોતાના લીડર કે પૂ. સંતો-ભક્તોને પણ કેટલો આદર આપવો તે શીખવવા માટે જ ગુરુજીએ આ દિવ્ય પ્રસંગ ઊભો કર્યો હશે. પોતાના પદની મોટાઈના લેશમાત્ર અહંકાર વગર સેવક થઈને પૂછવાની આ અનોખી રીત આપણા સૌના હૃદયમાં કાયમ માટે કંડારાઈ જાય તેવી છે. વ્હાલા ગુરુજીના આવા પરમ નિર્માનીપણાને કોટિ કોટિ વંદન હો !!

આવું તો આ એક પ્રસંગમાં નહિ, ગુરુજીના જીવનમાં પળે પળે દાસત્વભાવની ફોરમ મહેકતી હોય છે. ચાહે પછી તે વાણીનો વ્યવહાર હોય કે લેખિત વ્યવહાર. જેનાં પ્રત્યક્ષ દર્શન તેમના જ હસ્તાક્ષરમાં કરીએ.


પૂ. જવાબદાર સંતોને [illegible]...

આનંદ એ વાતનો છે કે આ સેવકસમાજ,

હે વ્હાલા સંતો, આપ આપના

સેવકને અદ્ભુત અદ્ભુત સેવા કરી છે.

•••

તા. ૨૫-૧૧-૨૦૨૨, શુક્રવારે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે રાત્રિના બરાબર ૧૧:૨૦ વાગ્યાનો સમય હતો. ચારેબાજુ નીરવ શાંતિ પથરાઈ ગઈ હતી. એવા સમયે અચાનક ગુરુજીના આસનેથી બેલ વાગ્યો. બીજી તરફ સેવક સંતો સંત રસોડામાં વ્યસ્ત હતા. સેવાની વ્યસ્તતાના કારણે બેલ વાગ્યા પછી પણ સેવક સંતને ગુરુજીના આસને પહોંચતાં થોડું મોડું થઈ ગયું.

વ્હાલા ગુરુજીને પોઢવાનો સમય થઈ ગયો હતો. વ્હાલા ગુરુજીનો એવો નિત્યક્રમ કે તેઓ દરરોજ રાત્રે પોઢતા પહેલાં જળ ધરાવે. સેવક સંત જળનો લોટો લઈને ખૂબ ઉતાવળા પગલે વ્હાલા ગુરુજીના આસને પહોંચ્યા. ‘આજે અમારાથી મોડું થઈ ગયું છે. ગુરુજીને પ્રતીક્ષા કરવી પડી !’ તે વિચારે સેવક સંતના ચહેરા પર ચિંતાની રેખાઓ સ્પષ્ટ દેખાતી હતી.

આસને પહોંચતાંની સાથે જ પૂ. સંતે ગદ્ગદિત હૃદયે વ્હાલા ગુરુજીને અત્યંત આર્દ્રભાવે પ્રાર્થના કરી, “દયાળુ, રાજી રહેજો. રસોડાની સેવામાં હતા એટલે અમને અહીં આવવામાં થોડું મોડું થઈ ગયું છે. અમને માફ કરજો. રાજી રહેજો.”

ત્યારે આ પરમ દયાળુ દિવ્યપુરુષે જે સહજતાથી અને વ્હાલપૂર્વક જવાબ આપ્યો તે સાંભળીને સેવક સંતનું હૃદય દ્રવી ઊઠ્યું. વ્હાલા ગુરુજીએ જરાય અણગમો દર્શાવ્યા વિના સાવ નિર્દોષ સ્મિત સાથે કહ્યું, “સ્વામી, અમારે જળ ધરાવવું હતું પણ અહીં આસને પાણી પૂરું થઈ ગયું હતું. તેથી અહીં બાજુમાં સંતોના રૂમમાં જળ ધરાવવા માટેની વ્યવસ્થા છે ત્યાં જઈને અમે જળ ધરાવી લીધું. માટે આપ ચિંતા ન કરશો.”

‘આપ ચિંતા ન કરશો...’ ગુરુજીના મુખેથી નીકળેલા આ થોડાક શબ્દો સંતોના હૃદય પર અમૃતની જેમ વર્ષા કરી ગયા.

ગુરુજીએ સંતોને તકલીફ ન પડે તથા સેવામાં કોઈ વિક્ષેપ ન આવે તે માટે સંતોની પરબ પર જાતે જઈને જળ ધરાવી લીધું. એટલું જ નહિ, મોડા પહોંચેલા સેવક સંતના મનનો ભાર હળવો કરવા માટે ‘આપ ચિંતા ન કરશો’ કહીને માતૃત્વની હૂંફ આપી દીધી. આ છે ગુરુપદે બિરાજ્યા હોવા છતાં પ્રગટેલી દાસત્વભાવની પરમ જ્યોત ! આવા પરમ દાસત્વમૂર્તિ વ્હાલા ગુરુજીના ચરણોમાં અહોભાવપૂર્વક અનંતાનંત પ્રણામ હો !!!

•••

પોતાનું ગુરુપદ, ઉંમર અને મોભાને વિસારી પોતાના જ દીક્ષિત સંતોના મુખેથી વહેતી હરિકથા સાંભળવા ગુરુજી કેટલા આતુર છે તેનો એક દિવ્ય પ્રસંગ એક વિચરણ દરમ્યાન માણવા મળેલો.

તા. ૩૦ માર્ચ, ૨૦૨૩ ને ગુરુવારના રોજ હરિનવમીના પવિત્ર દિને વિદેશના હરિભક્તોને સુખિયા કરવા માટે ગુરુજી બોટ્સવાના ખાતે વિચરણાર્થે પધાર્યા હતા. આ સમયગાળામાં ભારત ખાતે બે મોટી સભાઓ (પૂનમ અને સંકલ્પ સભા) થઈ ગઈ હતી. વિદેશના ભિન્ન ભિન્ન પ્રોગ્રામની વ્યસ્તતા, સતત વિચરણ અને ભારત અને વિદેશ વચ્ચેના સમયના મોટા ફેરફારને કારણે વ્હાલા ગુરુજી આ બંને મુખ્ય સભાઓમાં ઑનલાઈન કે લાઈવ લાભ આપી શક્યા ન હતા. પરિણામે પૂ. વડીલ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. વિદેશના વ્યસ્ત શિડ્યૂલ વચ્ચે પણ ગુરુજીનું હૃદય તો ભારતમાં થયેલ સંકલ્પ સભા તથા પૂનમ સભાનો લાભ લેવા માટે આતુર હતું.

ગુરુજીએ પોતાના સેવક જિગરભાઈને બોલાવી

સભાશ્રવણનું સેટિંગ કરી આપવા કહ્યું. ગુરુજીએ માત્ર ભાવ જ ન દર્શાવ્યો પણ કથા સાંભળવાનો મોકો શોધી કાઢ્યો. તા. ૬ એપ્રિલ ને પૂનમના રોજ બપોરે વ્હાલા ગુરુજી નાઈરોબીથી કિસુમુ ખાતે પધારવાના હતા. ફ્લાઈટના આ સમયનો કથા સાંભળવામાં સદુપયોગ થઈ શકે તે માટે ગુરુજીએ જર્ની શરૂ થતા પહેલાં જ જિગરભાઈને બોલાવ્યા અને વિશેષ આગ્રહ કરીને કહ્યું કે, ‘‘ભારતમાં થયેલી એકાદશીની સંકલ્પ સભા અને પૂનમ સભા અગાઉથી પેનડ્રાઈવમાં મૂકી આપો જેથી ફ્લાઈટમાં લાભ લઈ શકાય. કારણ કે તેમાં પૂ. સંતોએ ખૂબ સુંદર લાભ આપ્યો હશે અને અમારે એ સંતોની વાણીનો લાભ લેવાનો બાકી રહી ગયો છે.’’

ગુરુજી જાણતા હતા કે ફ્લાઈટ જ્યારે આકાશમાં હશે ત્યારે ત્યાં ઈન્ટરનેટ કનેક્શન નહિ આવે. કથાશ્રવણમાં અવરોધ ન આવે તે માટે તેમણે આ પૂર્વતૈયારી કરાવી. અને ખરેખર આખી ફ્લાઈટ જર્ની દરમ્યાન ફ્લાઈટમાં આકાશની ઊંચાઈઓ વચ્ચે જગતના તમામ વ્યવહારોથી પર થઈને વ્હાલા ગુરુજીએ અત્યંત એકાગ્રતાથી પોતાના જ શિષ્ય સંતોની એ બંને સભાનો લાભ લીધો !

જેમના મુખેથી વહેતાં વચનો સાંભળવા આખોય સંપ્રદાય ચાતક પક્ષીની જેમ રાહ જોતો હોય તે દિવ્યપુરુષ પોતાના સંતોની કથા સાંભળવા કેટલા તત્પર રહે છે !! તે સાબિત કરે છે કે ગુરુજીના હૃદયમાં દાસત્વભાવની જ્યોત અખંડ ઝળહળી રહી છે. દાસત્વના ગુણને અતિ શોભાયમાન કરનાર વ્હાલા ગુરુજીને ગુરુપૂર્ણિમાના પાવન અવસરે કોટિ કોટિ વંદન હો !

•••

તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૫ ને બુધવારના રોજ સાંજે સ્વામિનારાયણ ધામ પર સંત આશ્રમમાં મધુર કીર્તનભક્તિ ચાલી રહી હતી. સાંજે બરાબર ૭:૨૫ વાગ્યે ગુરુજી સંત આશ્રમના પ્રાર્થના હૉલમાં પધાર્યા. હૉલમાં પ્રવેશતાંની સાથે જ વ્હાલા ગુરુજીએ મહારાજને ખૂબ ભાવપૂર્વક બે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે સમયે સંતો અને SSPના મુક્તો કીર્તનભક્તિ કરી રહ્યા હતા.

ગુરુજીને કીર્તનભક્તિમાં પધારેલા જોઈને સંતો-મુક્તો રાજી થઈ ગયા. ગુરુજીને બિરાજવા માટે ઉતાવળે પગલે ખુરશીની વ્યવસ્થા કરવા લાગ્યા. ગુરુજી આ દૃશ્ય નિહાળી રહ્યા હતા.

નિયમ મુજબ દરરોજ હૉલના દરવાજાની નજીક વડીલ હરિભક્તો માટે ખુરશીઓ ગોઠવવામાં આવતી. જેથી તેમને બેસવામાં અનુકૂળતા રહે. પરંતુ આ દિવસે કોઈ કારણસર હજુ ખુરશીઓ ગોઠવાયેલી નહોતી. હૉલના એક ખૂણામાં ખુરશીઓનો થપ્પો એમ જ પડેલો હતો.


ગુરુજીએ સહેજ પણ સંકોચ રાખ્યા વિના વડીલ હરિભક્તો માટે એક પછી એક ખુરશીઓ જાતે ગોઠવવાનું શરૂ કરી દીધું ! આ જોઈ SSPના મુક્તો દોડીને ગુરુજી પાસે પહોંચ્યા અને અત્યંત આદરપૂર્વક ગુરુજીના હસ્તમાંથી ખુરશીઓ લઈ લીધી અને બાકીની ખુરશીઓ ફટાફટ ગોઠવવાની શરૂઆત કરી દીધી. SSPના મુક્તોએ ખુરશી ગોઠવ્યા બાદ જ ગુરુજીએ પોતાનું આસન ગ્રહણ કર્યું.

જેમના ચરણોમાં આખોય સત્સંગ સમાજ આળોટતો હોય તે પુરુષને હરિભક્તો માટે ખુરશીઓ ગોઠવવામાં સહેજ પણ નાનપ ન અનુભવાઈ. નાનામાં નાની સેવા કરવાનો આવો અદ્ભુત આગ્રહ ગુરુજીના જીવનમાં ક્ષણે ક્ષણે દૃશ્યમાન થાય છે.

ગુરુપદે હોવા છતાં આવો પરમ સેવાભાવ અને દાસત્વની જ્યોત પ્રગટેલી રાખનાર વ્હાલા ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

## ઘરધણી મુક્ત શિબિર

તા. ૧-૬-૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૯થી ૧૨ દરમ્યાન ઘાટલોડિયા ખાતે સંસ્થાના તમામ ઘરધણી મુકતો માટે શિબિર તથા ગુરુપૂર્ણિમાના પ્રતીક ઉત્સવરૂપે ગુરુવંદનાના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કીર્તનભક્તિ દ્વારા પ્રોગ્રામની શરૂઆત થયા બાદ પૂ. પૂર્ણસ્વામીએ ઉપસ્થિત મુકતોને ‘ડિવાઇન ડિસિપ્લિન’ વિષયક પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સૌનાય વ્હાલા પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું આગમન થયું ત્યારે તાળીઓના તેમજ જયનાદના ઘોષથી સભામંડપ ગુંજી ઊઠ્યો હતો. આજના દિને વ્હાલા ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજ સંગે સૌ મુકતો વચ્ચે પધારી એક એકની ઉપર ગુલાબજળથી અમીવૃષ્ટિ કરી અવિસ્મરણીય સ્મૃતિની ભેટ આપી હતી. આજરોજ પોતાના વ્હાલસોયા દીકરાઓને વ્હાલા ગુરુજીએ ‘અસ્મિતા’ વિષય પર કથાવાર્તાનો લાભ આપી અનેરું બળ પ્રદાન કર્યું હતું. ગુરુપૂર્ણિમા ઉપક્રમે ગુરુવંદના તથા પૂજનનો સૌપ્રથમ લાભ ઘરધણી મુકતોને આપી વ્હાલા ગુરુજીએ રાજીપો વરસાવ્યો હતો. આમ, શિબિરના અંતમાં ૪૯૫થી વધુ મુકતો આ શિબિરનો લાભ લઈ વ્હાલા ગુરુજીના હસ્તે પ્રસાદી પામી, સ્મૃતિભેટ લઈ ઠાકોરજી જમાડ્યા બાદ છૂટા પડ્યા હતા.



# ગુરુપદે હોવા છતાં પ્રસરે છે ફોરમ સાધુતાની

ગુરુ એટલે અગાધ કરુણાનો સિંધુ.

ગુરુ એટલે અધ્યાત્મ આકાશનો ઝળહળતો સૂર્ય !

પરંતુ જ્યારે એ દિવ્ય વિભૂતિ ગુરુપદ પર બિરાજમાન હોવા છતાં તેઓના હૃદયમાં સાધુતા પરાકાષ્ઠાએ ધબકતી હોય ત્યારે એમનાં દર્શનમાત્રથી કૃતકૃત્ય થઈ જવાય. આવા દિવ્ય વિભૂતિ આપણા વ્હાલા ગુરુજીના જીવનનું ક્ષણેક્ષણનું અવલોકન કરીએ તો સમજાય કે તેઓ ગુરુપદ કરતાં પણ સાધુતાની પદવીનું બહુ ઊંચું મૂલ્ય આંકે છે. તેથી જ તેઓ હંમેશાં કહેતા હોય છે કે, "સાધુતા જેવી ના કોઈ પદવી મોટી..." તેમની એ જ નિર્મળ, નિષ્કામ અને ત્યાગસભર સાધુતાની દિવ્ય સુવાસને પ્રગટ કરતો આ અણમોલ સ્મરણ લેખ હૃદયના તારને ઝણઝણાવી મૂકે તેવો છે.

વાત છે તા. ૨૧-૭-૨૦૨૧, બુધવારની વહેલી સવારની. સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરથી પધારેલા વ્હાલા ગુરુજીએ મોરબી મુકામે ગુરુપૂર્ણિમાનો દિવ્ય ઉત્સવ સંપન્ન કર્યો. ત્યાં ઉપસ્થિત ૧૧૫૦થી વધુ ભક્ત સમુદાયને દર્શન, સમાગમ અને આશીર્વાદનું અલૌકિક સુખ આપી તેઓ બપોરે જ રાજકોટ પધારવાના હતા. ગુરુજી ઠાકોરજી જમાડવા જ્યારે સંત રસોડે પધાર્યા ત્યારે મોટાભાગનો ભક્ત સમુદાય ઠાકોરજી જમાડી સેવામાં પરોવાઈ ગયેલો.

સવારથી માત્ર જવારા અને અમુક પાંદડાનું ગ્રીન જ્યૂસ ગ્રહણ કરનારા ગુરુજીના મુખમાં જ્યારે ભોજનનો પ્રથમ ગ્રાસ ગયો ત્યારે ઘડિયાળમાં બપોરના અઢી વાગી ચૂક્યા હતા. છતાં એ મુખારવિંદ પર થાકની એક પણ રેખા નહોતી; બલ્કે હરિભક્તોને સુખિયા કર્યાના અદ્ભુત સંતોષનું સીમાચિહ્ન ઊપસી આવ્યું હતું. અન્યના સુખમાં પોતાનું સુખ અનુભવનાર ગુરુજીએ કદી પોતાના અવરભાવની દરકાર કરી હોય તેવું તેમની રોજનીશીમાં આજ સુધી જોવા મળ્યું નથી.

સંતો ગુરુજીને ભોજન પીરસવા માટે આગ્રહ અને તાણ કરી રહ્યા હતા પરંતુ એ સમયે પણ ગુરુજીની રુચિ તો પોતાના વ્હાલા સંતોને વ્યવહાર, દાસભાવ, સત્સંગ અને નિયમ-ધર્મના માર્ગદર્શનરૂપી ભાથું પીરસવાની જ હતી ! અહો !! કેવો આ પરમાર્થભાવ !

અઢી વાગે ભોજન કર્યા બાદ માત્ર અડધો-પોણો કલાકનો આરામ લઈ ગુરુજી રાજકોટ જવા નીકળ્યા કારણ કે સાંજે ૫ વાગ્યે રાજકોટ ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે નિકટ દર્શનનો પ્રોગ્રામ ગોઠવાયેલો હતો અને મોડામાં મોડું ૪:૫૦ મિનિટે ત્યાં પહોંચવાનું હતું. જ્યારે ગુરુજીની ગાડી રાજકોટ મંદિરના પ્રાંગણમાં આવીને ઊભી રહી ત્યારે પૂ. સંતો અને હજારો હરિભક્તોનો વિશાળ સમુદાય તેમના સ્વાગત માટે આતુર નયને ઊભો હતો. વ્હાલસોયા સંતોએ રસ્તા પર જ દંડવત્ પ્રણામ કરી ડ્રાયફ્રૂટના કીમતી હારથી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીનું ભાવપૂર્વક પૂજન કર્યું. રંગોળીથી સુશોભિત પથ પરથી ગુરુજીને આગળ વધવાનું હતું. પરંતુ પૂજન પૂર્ણ થતાં જ એક અકલ્પનીય દશ્ય સર્જાયું. ગુરુજીએ પોતાના કંઠમાંથી જાણે કોઈ ઝેરી સર્પ ઉતારતા હોય એટલી ઝડપે એ કીમતી હાર કાઢીને પૂ. સંતોના હાથમાં આપી દીધો. હરિભક્તોએ ગદ્ગદ કંઠે હાર ધારણ કરી રાખવા ઘણી વિનંતી કરી પરંતુ સાધુતાના શિરોમણિ દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી મેરુ પર્વત જેવા અડગ રહ્યા. સંતાશ્રમમાં પધાર્યા પછી ગુરુજીએ જોડે રહેલા પૂ. સંત સમક્ષ જે આંતરિક સ્પષ્ટતા કરી તે આપણા સૌના હૃદયમાં કોતરાઈ જાય તેવી છે.

"સ્વામી, એ હારમાં ડ્રાયફ્રૂટ્સની સાથે સાથે નાનાં-મોટાં જુદા જુદા કલરનાં ઘણાં મોતી પણ હતાં !! સોનેરી કલરની દોરી તથા અન્ય બીજી રજોગુણી વસ્તુ પણ હતી. માટે એ હાર પહેરી રાખીએ તો શોભે નહીં. આપણી સાધુતા ન સચવાય. સાધુનું જીવન સાદું હોય. સાધુ શોભે છે તેની સાધુતાથી, હારતોરાથી નહીં ! તેથી એ હાર અમે નહોતો પહેરી રાખ્યો. રાજી રહેજો."

હજારો હરિભક્તો જેમના સન્માન માટે આંખો બિછાવીને ઊભા હોય તેવા વૈભવશાળી માહોલમાં પણ લોકપ્રિયતાને બાજુ પર મૂકી 'સાધુતા'ને અગ્રસ્થાને રાખી 'સાધુતા' શબ્દને પોતાના આચરણથી વધુ શોભાયમાન કરનાર આવા વ્હાલા ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

• • •

દેહધારી વ્યક્તિ કંઈક નવું મેળવવામાં સુખ માને છે પરંતુ આપણા વ્હાલા ગુરુજી તો ભૌતિકતાનો ત્યાગ કરવામાં જ પરમ આનંદની અનુભૂતિ કરે છે. સર્વોચ્ચ ગુરુપદે બિરાજમાન હોવા છતાં તેમના અંતરમાં વહેતી નિર્લેપતા અને સાધુતાનાં દર્શન તા. ૨૬ જૂન, ૨૦૨૨, રવિવારના રોજ થયાં.

બપોરના સમયે નરોડા પધરામણી, મહાપૂજા તથા રસોઈ પૂર્ણ કરી ગુરુજી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પરત પધાર્યા. થોડો આરામ કર્યા બાદ એક સાવધ સાધકની પેઠે પોતાના નિત્યક્રમમાં નિષ્ઠાવાન ગુરુજી બરાબર સાંજે ૪ વાગ્યે સંત આશ્રમના પ્રાર્થના હૉલમાં એકાંત માટે પધાર્યા. આ સમયે એક સેવક સંતે ગુરુજીના શારીરિક સ્વાસ્થ્ય માટે સાનુકૂળ પડે તેવી વજનમાં હલકી એવી

ખાસ બનાવેલી નવી મેડિટેશન ચૅર લાવીને મૂકી. પરંતુ જેમના હૃદયમાં ત્યાગ અને વૈરાગ્યનો દીપક સદાય પ્રજ્વલિત છે તેવા વ્હાલા ગુરુજીની નજર જ્યારે આ નવી ચૅર પર પડી ત્યારે અણગમો દર્શાવ્યો કે, “સ્વામી, અમે રોજ બેસીએ છીએ તે ચૅર ક્યાં ગઈ ? આજે આ નવી ચૅર કેમ લાવ્યા ?” સેવક સંતે આ નવી ચૅરની વિશેષતા વર્ણવી ત્યારે સગવડોને ઠોકર મારનાર આ દિવ્યપુરુષે માર્મિક ભલામણ કરી, “સ્વામી, બીજા સંતોને જરૂર હોય તો તેમને આ ચૅર આપી દો. અમારે પેલી જૂની ચૅર હજુ ચાલશે.” સૌના સર્વોચ્ચ ગુરુપદે બિરાજમાન હોવા છતાં જે મળે તેમાં ચલાવી લેવાની અને શારીરિક સગવડોથી જોજનો દૂર રહેવાની ગુરુજીની આ નિઃસ્વાર્થ ભાવના તેમની અનુપમ આધ્યાત્મિકતાનો પરમ પ્રકાશ પાથરે છે.

આગળ ગુરુજીએ સાધુતાનો આદર્શ સમજાવતાં કહ્યું, “પેલી જૂની ચૅરમાં અમને કોઈ તકલીફ પડતી નથી છતાં તેને છોડી નવી શા માટે લઈએ ? નવું મળે એટલે જૂનું છોડી દેવાનું ? રોજ કાંઈ નવાં ધોતિયાં-ગાતડિયાં, પત્તર, ઓશીકાં લઈએ છીએ ? જે મળે તેને ભોગવ ભોગવ કરીએ તો તેમાં બંધન થાય. જીવ ચટણો થઈ જાય અને ભગવાન ભુલાવે. આપણે તો સાધુ. સાધુ એ જે બધુંય હલવી લે.” એટલેથી ગુરુજી ન વિરમ્યા. ગુરુદેવ પ્રત્યેનો તેમનો સંપૂર્ણ સમર્પિતભાવ પણ ત્યારે ઝળકી ઊઠ્યો. અને અત્યંત ગળગળા સ્વરે સ્મૃતિ વાગોળતાં બોલ્યા, “એમાંય સ્વામી, આપણે તો ગુરુદેવના સાધુ છીએ. ગુરુદેવે વર્ષો સુધી જરી ગયેલ ગાતડિયું ઓઢવા માટે રાખેલું અને આપણે વારંવાર ખુરશીઓ બદલ્યા કરીએ તો ગુરુદેવના ખરા શિષ્ય ન કહેવાઈએ.” એક નવી ખુરશીમાત્રનો સ્વીકાર કરવાથી ગુરુદેવની સ્થાપેલી સાધુતાની રીતમાં ઓટ આવતી હોય તો એ ખુરશીનો પણ સહજમાં ત્યાગ કરી દેવો તે ગુરુજીની ગુરુદેવ પ્રત્યેની પ્રીતિ અને દાસત્વની ચરમસીમાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

શરીરમાં સતત ચાલતા શ્વસનતંત્રની જેમ જેમના પ્રત્યેક સ્પંદનમાં ‘હું સાધુ છું. હું ગુરુદેવનો સાધુ છું.’ એ વિચાર સતત ધબકી રહ્યો છે તેવા સાધુતાના સુમેરુ ગુરુજીના દિવ્ય ચરણોમાં અનંતાનંત પ્રણામ.

ખરેખર, આ દિવ્ય પ્રસંગનું આચમન કરતાં અંતરના ઊંડાણમાંથી એક જ ઉદ્ગાર સરી પડે છે : ગુરુપદે હોવા છતાં પ્રસરે છે ફોરમ સાધુતાની !

• • •

ભૌતિકતાની ઝાકમઝોળથી અંજાયેલી વિદેશની ધરતી પર પણ આપણા વ્હાલા ગુરુજીની અનાસક્તિ અને નિર્બંધતા કેવી અકબંધ રહે છે તેનો એક અદ્ભુત દાખલો...

તા. ૨૭ જુલાઈ, ૨૦૨૨ના રોજ બુધવારની સવારે સ્વામિનારાયણ ધામથી ૩૬ દિવસના કઠોર વિદેશ વિચરણની શરૂઆત કરી વ્હાલા ગુરુજી તા. ૨૮ જુલાઈના રોજ ગુરુવારે મધરાતે બરાબર ૨ વાગ્યે બોસ્ટન મંદિરે પહોંચ્યા. સળંગ ૨૨ કલાકનો આકરો ઉપવાસ અને લાંબી મુસાફરીનો અસહ્ય થાક તેમના દિવ્ય તન પર સ્પષ્ટપણે વર્તાતો હતો. છતાં નિયમ-ધર્મના ચુસ્ત આગ્રહી એવા વ્હાલા ગુરુજી ત્યાગી સંતોના નિયમ મુજબ મધરાતે પણ સ્નાનવિધિ કરીને પોઢવા પધાર્યા. વ્હાલા ગુરુજીને થાક અને ઉપવાસની અસર ન વર્તાય તથા તેઓને પોઢવામાં સહેજ પણ તકલીફ ન પડે તેવા શુદ્ધ હેતુથી સંતો ઇન્ડિયા-સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરથી ગુરુજી માટે તેઓનું રોજિંદું અને તેમને અનુકૂળ આવતું ઓશીકું પોતાની સાથે જ લઈને ગયા હતા. સેવક સંતોએ ખૂબ ભાવથી તૈયાર કરેલા આસન પર ગુરુજી પોઢવા માટે પધાર્યા. પરંતુ ઉપવાસ તથા અતિશય થાકના કારણે તેમને ઊંઘ નહોતી આવતી. થોડી વાર થઈ ત્યાં તો તેમને અહેસાસ થયો કે, ‘આ તો સ્વામિનારાયણ ધામ ખાતે પોઢવામાં વપરાય છે તેના જેવું જ ઓશીકું છે.’ પોતાની શંકાની સત્યતા ચકાસવા માટે ગુરુજીએ પથારીમાંથી ઊઠીને એ ઓશીકા પર દૃષ્ટિ કરી તો ખરેખર આ ઓશીકું સ્વામિનારાયણ ધામનું જ હતું ! વધુ ખાતરી માટે તેમણે સેવક સંતને પૂછ્યું, “સ્વામી, આ ઓશીકું બોસ્ટન મંદિરનું છે ?”

ત્યારે સેવક સંતે ભોળા ભાવે ઉત્તર આપ્યો, “ના દયાળુ, આ ઓશીકું સ્વામિનારાયણ ધામ પરથી આપના આસનેથી જ લાવ્યા છીએ. જેથી આપને પોઢવામાં સાનુકૂળતા રહે.” આટલું સાંભળતાં જ ભૌતિક સગવડોથી અનાસક્ત એવા ગુરુજીએ હળવા ઠપકાના સૂરમાં શિખામણ વચનો કહ્યાં કે, “સ્વામી, વિદેશ આવીએ તો અહીંયાં પણ ઓશીકું લઈને આવવાનું ? આવું ન કરાય. આ તો બંધન થયું કે આ જ ઓશીકું ફાવે. સ્વામી, હવે આ ઓશીકાનો ત્યાગ. અમને તો એક મહારાજ વગર ન ફાવે; બાકી બધા વગર ફાવે.” અસહ્ય થાક વચ્ચે પણ એક સામાન્ય ઓશીકાને જો બંધન માની લેવામાં આવતું હોય તો તે દિવ્યપુરુષની સાધુતા કેટલી ઉચ્ચ કોટિની હશે ? પૂ. સંતોએ ગળગળા થઈને ઘણી વિનવણી અને પ્રાર્થના કરી છતાં કાયમી ધોરણે આ બાબતની ગંભીરતા રખાવવા ગુરુજીએ પોતાની ટેકમાં જરાય શિથિલતા ન આવવા દીધી. અંતે સેવક

સંતે બીજું ઓશીકું લાવીને આપ્યું ત્યારપછી જ ગુરુજી પોઢ્યા.

ગુરુજી ગુરુપદે હોવા છતાં તેઓને એક મહારાજ સિવાય દુનિયાના કોઈ જ પદાર્થની આસક્તિ કે ભૌતિક સુખ-સગવડનું બંધન સ્પર્શી શકતું નથી.

●●●

મસ્તક પર ઉચ્ચતમ ગુરુપદનો દિવ્ય તાજ બિરાજમાન હોય, લાખો ભક્તો જેમના ચરણોમાં અહોભાવથી વંદન કરતા હોય છતાં અંતરના ઊંડાણમાં નમ્રતા અને દાસભાવની કેવી અવિરત ગંગા વહે છે તેમજ મહારાજની અલ્પ આજ્ઞા પ્રત્યે કેટલી સૂક્ષ્મ અને અટલ નિષ્ઠા રહેલી છે તેનું દર્શન તા. ૨૭ મે, ૨૦૨૪, સોમવારના રોજ ગાંધીનગર સ્થિત સ્વામિનારાયણ ધામ ખાતે થયું.

મધ્યાહ્ન સમય હતો. નિત્યક્રમ મુજબ વ્હાલા ગુરુજી ઠાકોરજી જમાડવા સંત રસોડામાં પધાર્યા. ઠાકોરજી જમાડી રહેલા પૂ. સંતોને મહારાજના ભાવથી દંડવત કર્યા. ત્યારબાદ સ્વયં નેત્ર બંધ કરી ભોજન પૂર્વેની પ્રાર્થના કરવા લાગ્યા. પ્રાર્થના પૂર્ણ થઈ એ સમયે સેવક સંતોએ ગુરુજીને જમાડવા માટે તેમના પત્તરમાં વિવિધ પ્રકારનું ભોજન પીરસી દીધું હતું. જ્યારે ગુરુજીનાં દિવ્ય નેત્રો ખુલ્યાં ત્યારે તેમની સમક્ષ બધું જ ભોજન પીરસાઈ ગયેલું તૈયાર હતું. પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે બધું તૈયાર હોવા છતાં ગુરુજીએ ભોજનનો પ્રારંભ ન કર્યો ! જાણે કે પત્તરમાં હજુ કાંઈક પીરસવાનું બાકી રહી ગયું હોય તેમ તેઓ શાંત અને સ્થિર બેસી રહ્યા. આ જોઈ સેવક સંતે અત્યંત વિનમ્રતાથી પૂછ્યું, "ગુરુજી, કંઈ જોઈએ છે ?" ત્યારે શ્રીહરિની આજ્ઞાને શ્વાસ સમાન માનનાર વ્હાલા ગુરુજીએ શ્રીહરિએ આપેલા નિઃસ્વાદી વર્તમાનની એક અત્યંત અલ્પ આજ્ઞાનું દિવ્ય અનુસંધાન અપાવતાં માર્મિક વચનો કહ્યાં, "સ્વામી, આમાં જળ (છાપકું) નાખવાનું બાકી છે." વાસ્તવમાં સંતો રોજ જ્યારે ગુરુજી જમાડવા બેસે ત્યારે છાપકું આપવાની સેવા અગાઉથી કરી જ દેતા. પરંતુ આજે ઉતાવળમાં તેઓ આ સેવા વીસરી ગયા હતા. ગુરુજીની રુચિ જાણી સેવક સંતે તરત જ પત્તરમાં જળ નાખી આપ્યું. ત્યારબાદ આસક્તિથી સંપૂર્ણ પર એવા નિર્લેપમૂર્તિ ગુરુજીએ પત્તરમાં રહેલું બધું જ ભોજન ભેગું કરી દીધું અને ઠાકોરજી જમાડવા માટે હરે કરી ભોજનની શરૂઆત કરી.

સાધુતાસંબંધી નાનામાં નાની આજ્ઞાનું પણ અક્ષરશઃ પાલન કરવાના અતિશે આગ્રહી એટલે આપણા સૌના વ્હાલા ગુરુજી.


●●●

સામાન્ય રીતે શિષ્ય ગુરુનું જતન કરે તે લૌકિક રીત છે. પરંતુ ગુરુ થઈ શિષ્યનું પળે પળે જતન કરવા આતુર રહે એ ગુરુજીના હૃદયની અલૌકિકતા છે.

તા. ૧ ઑગસ્ટ, ૨૦૨૪થી શરૂ થયેલા ૪૦ દિવસના વિદેશ વિચરણમાં (યુ.કે, યુ.એસ.એ., કૅનેડા, દુબઈ) વ્હાલા ગુરુજીએ જાણે ૨૪ કલાકમાં ૪૮ કલાકનું સેવાકાર્ય પૂર્ણ કરવાની નેમ લીધી હતી. આ સખત વ્યસ્ત શિડ્યૂલમાં પોતાને બપોરે ૨ઃ૩૦ કે ૨ઃ૪૫ વાગ્યે ઘણી વાર જમવાની ફુરસદ મળતી. સંતો ગુરુજીની રાહ જોતા બેઠા હોય ત્યારે ગુરુજી અત્યંત વહાલથી તેમને કહેતા, "સંતો, તમારે જમાડી લેવું. અમારી રાહ ન જોવી." પરંતુ સંતોને થતું કે અમારી મા ગુરુજીને મૂકીને અમે કેવી રીતે જમાડી લઈએ ? અંતે ગુરુજી પધારે ત્યારે સેવક સંત સિવાય સર્વે સંતોને પોતાની સાથે જમાડવા બેસાડી દેતા. એ સમયે એક અદ્‌ભુત વાત્સલ્યનું સામ્રાજ્ય રચાઈ જતું. સેવક સંત જ્યારે અત્યંત પ્રેમથી પીરસવાની સેવા કરતા, ત્યારે એ વાત્સલ્યમૂર્તિ ગુરુજીની એક અનોખી ચેષ્ટા સૌના ધ્યાનમાં આવતી. ગુરુજી પોતાના પત્તરમાં પીરસાયેલું ભોજન ખૂબ ઉતાવળથી જમી લેતા. આ જોઈ સંતોને સહજ એવો વિચાર આવતો કે, 'કદાચ બહાર કોઈ હરિભક્ત દર્શન કે મુલાકાત માટે રાહ જોઈ રહ્યા હશે એટલે ગુરુજી આટલી ઉતાવળથી જમી રહ્યા છે.' પરંતુ એક દિવસ પ્રેમથી ભોજન પીરસી રહેલા સેવક સંતથી રહેવાયું નહીં. તેમણે અત્યંત વિનમ્રતાથી અને હળવાશથી પ્રાર્થના કરી, "ગુરુજી, આજે તો બહાર કોઈ હરિભક્ત આપને મળવા માટે રાહ નથી જોઈ રહ્યા તો આજે તો નિરાંતે, શાંતિથી જમાડો ને દયાળુ !" આ સાંભળી ગુરુજીએ પોતાના અંતરનું ગહન રહસ્ય છતું કરતાં અત્યંત ગળગળા સ્વરે કહ્યું, "સ્વામી, અમે તમારા માટે આટલી ઉતાવળમાં જમી રહ્યા છીએ. કારણ કે હજુ તમારે જમવાનું બાકી છે. જો હું ઝડપથી જમી લઉં તો તમે જલદી જમી શકો ને ! નહિતર મારા કારણે તમારે જમવામાં વધુ મોડું થાય." કેવો હૃદયદ્રાવક ઉત્તર !!

ખુદ પોતે કલાકોથી ભૂખ્યા હોવા છતાં પોતાના સંતોની જમવાની ચિંતા એમના રોમ રોમમાં વ્યાપેલી હતી. 'પરસુખનો વિચાર એ જ ખરી સાધુતા' આ દિવ્ય ભાવના ગુરુજીના જીવનમાં સાંગોપાંગ દર્શિત થાય છે.

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે મહોદધિ સમાન વિશાળ હૃદય ધરાવતા સાધુતાના સુમેરુ એવા આપણા વ્હાલા ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન હો !



# ગુરુજીમાં નિહાળી છે સિદ્ધાંતની ખુમારી

ગુરુપૂર્ણિમા એટલે ગુરુપૂજનનો ઉત્સવ.

ગુરુપૂર્ણિમા એટલે ગુરુઅર્ચનનો ઉત્સવ.

ગુરુપૂર્ણિમા એટલે ગુરુના ગુણગાન કરવાનો ઉત્સવ.

ગુરુપૂર્ણિમા એટલે ગુરુદક્ષિણા આપવાનો ઉત્સવ.

ગુરુપૂર્ણિમાના આટલા જ સીમિત અર્થો નથી. વાસ્તવમાં ગુરુપૂર્ણિમા એટલે ગુરુહૃદયમાં ધબકતા સંકલ્પોને સાંભળવાનો ઉત્સવ. ગુરુપૂર્ણિમા એટલે ગુરુના રગેરગમાં વહેતા સિદ્ધાંતોના તલસાટને પિછાનવાનો ઉત્સવ. આપણા સૌના પ્રાણ સમાન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનાં જીવનપૃષ્ઠો પર જ્યારે દૃષ્ટિ કરીએ ત્યારે એ પૃષ્ઠોના અક્ષરે અક્ષરમાંથી આપણને એક જ નાદ સંભળાય : ‘કારણ સત્સંગના સિદ્ધાંતની અસ્મિતા, ખુમારી.’ કયો સિદ્ધાંત ? તો, પોતાના જોગમાં આવનાર મુમુક્ષુમાત્રને શ્રીહરિની સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવી પુરુષોત્તમરૂપ પાત્ર કરી અનાદિમુક્તની સ્થિતિ પમાડવી.

સ્વયં તો નિરંતર મૂર્તિસુખમાં ગરકાવ જ છે પરંતુ મુમુક્ષુને આ કારણ સત્સંગના સિદ્ધાંત મુજબનું જીવન જિવાડવાના એકમાત્ર હેતુથી ગુરુજી રાત્રિ-દિવસ અપાર દાખડા કરી રહ્યા છે. તેઓની દૃષ્ટિ નથી ઊંઘ સામે, નથી ભૂખ સામે, નથી આરામ સામે કે નથી અવરભાવની દૈહિક અસ્વસ્થતા સામે. બસ, જીવને પુરુષોત્તમરૂપ પાત્ર કરવાના એકમાત્ર ઉદ્દેશ્યથી ગુરુજી આ ભૂમંડળમાં ચોતરફ વિચરી રહ્યા છે.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સંત દીક્ષા ગ્રહણ કરી ત્યારથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ કારણ સત્સંગના સિદ્ધાંત પ્રવર્તનનું બીડું તેમને સોંપ્યું છે. તે દિવસથી અદ્યાપિ ગમે તેવા સમૈયા-ઉત્સવ હોય કે આટલો હરિભક્ત સમાજ વિસ્તર્યો છતાં તેઓની સિદ્ધાંતની ખુમારી વધતી જ રહી છે. જેનો જે આગ્રહ હોય તે તેના આયોજનમાં સહેજે વણાઈ જાય. ગુરુજી વર્ષની શરૂઆતમાં પોતાનું વાર્ષિક પ્લાનર તૈયાર કરે ત્યારે પોતાને જરૂર નથી, પોતે તો મૂર્તિસુખમાં ગરકાવ જ છે છતાં શિષ્ય સમાજને સ્વવિકાસના આગ્રહી કરવા તથા આત્માના વ્યવહારને મુખ્ય કરવાની પ્રેરણા આપવા સૌથી પહેલાં પોતા માટે ધ્યાન કુટિરના દિવસો ફાળવી દે. વળી, સંતો એ સિદ્ધાંત પ્રવર્તનના મુખ્ય પાયા છે. સંતોના જીવનમાં સિદ્ધાંતનાં મૂલ્ય સુદૃઢ કરાવવા તેઓ ખૂબ આગ્રહી છે. આથી સત્સંગના એન્જિન સમા સંતોના આધ્યાત્મિક ઘડતર માટે સંત શિબિરોના દિવસો ફાળવે, પછી સમર્પિત સમાજ એવા STK, SSP, છાત્રાલય તથા હરિભક્તોના આધ્યાત્મિક ઘડતર માટે આદર્શ પ્રૉજેક્ટની શિબિરોના દિવસો ફાળવી દે. આ આયોજન વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયા બાદના સમયમાં સત્સંગ વિચરણ તથા અન્ય વહીવટીય સેવાઓ માટેના દિવસો ફાળવે છે.

કારણ સત્સંગના સિદ્ધાંતોના સંવર્ધક અને સંરક્ષક એવા ગુરુજી પોતાના નિકટવર્તી સમાજમાં આ સિદ્ધાંતોને સાકાર સ્વરૂપ આપવા કેટલા ચિંતિત છે તે તેમની આયોજન કરવાની રીતમાં સહેજે જણાઈ આવે છે.

ઈ.સ. ૨૦૨૧ એટલે કોરોના કાળમાંથી પસાર થતું સમગ્ર વિશ્વ. ચારેબાજુ મૃત્યુનો ભય મનુષ્યમાત્રના મસ્તક પર મંડરાયેલો હતો. એ સમયે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પૂ. સંતોની શિબિરો કરી જ્ઞાનમૃત્યુના પાઠ શીખવી રહ્યા હતા. શિબિરના અંતિમ દિને સૌ સંતોને ગુરુજીએ આજ્ઞા કરી કે, “આ શિબિર અહીં પૂર્ણ થતી નથી. શિબિર તો હવે શરૂ થવાની છે. સંતો, શિબિરમાં જે આધ્યાત્મિક ભાથું ભેગું કર્યું છે તે રોજબરોજના વ્યવહારમાં ખર્ચાઈ ન જાય; બલ્કે વધુ ને વધુ અધ્યાત્મની પુષ્ટિ મળતી રહે તે માટે સૌએ પોતાની પાત્રતા તથા પોતાની જરૂરિયાત મુજબનું આધ્યાત્મિક આયોજન બનાવી અમને જમા કરાવી પછી જ પોતપોતાના સ્થાને (સેન્ટરમાં) જવાનું છે.”

ગુરુજીની આજ્ઞા મુજબ દરેક સંતોએ પોતાની જરૂરિયાત મુજબ આધ્યાત્મિક આયોજન કરી ગુરુજીને દૃષ્ટિ કરવા આપ્યું. ત્યારપછી સેન્ટરમાં જવા વિદાય લીધી. એ રાત્રે ગુરુજીની અવરભાવની તબિયત નાદુરસ્ત હતી. રાત્રે આરામ માટે આસને પોઢ્યા. પરંતુ સવારે ૩:૩૦ વાગ્યે ગુરુજીનાં નેત્ર ખૂલી ગયાં. હજુ જાગવાને દોઢ કલાકની વાર હતી. વળી, તેઓની નાદુરસ્ત તબિયત હોવાથી આરામ કરવો પણ જરૂરી હતો છતાં રાત્રે ૩:૩૦ વાગ્યે ગુરુજી પથારીમાં બેઠા થઈ ગયા અને પૂ. સંતોના આધ્યાત્મિક આયોજનના કાગળો પર દૃષ્ટિ કરી સંત સમાજને અધ્યાત્મ માર્ગે, અનાદિમુક્તની સ્થિતિના માર્ગે કેવી રીતે આગળ વધારવો તેના ઊંડા ચિંતનમાં ડૂબી ગયા. એમ ને એમ સવારના પાંચ વાગી ગયા પછી ગુરુજી પ્રાતઃ ક્રિયા માટે પધાર્યા.

શરણે આવેલા સમર્પિત સંત સમાજમાં કારણ સત્સંગના સિદ્ધાંતો રેડવાની તેઓની ધગશ અને તરવરાટ ખરેખર અદ્‌ભુત છે. જ્યાં સ્વયંના અવરભાવની નાદુરસ્તતા પણ હારી જાય છે.

•••

થોડાક સમય પૂર્વે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સૌરાષ્ટ્ર વિચરણ અર્થે પધાર્યા હતા. સળંગ છ દિવસ રાજકોટ, મોરબી વિચરણ કરી

સુરેન્દ્રનગર હરિભક્તોને સુખિયા કરવા પધાર્યા. આખા દિવસનો અતિ વ્યસ્ત કાર્યક્રમ અને રાત્રિનો સત્સંગ પ્રોગ્રામ પૂર્ણ થયો ત્યારે ઘડિયાળે ૧૧:૧૫ વગાડી દીધા હતા.

અવરભાવમાં ગુરુજી મુખ પર અતિશે થાક જણાવતા હતા છતાં સુરેન્દ્રનગરની સેવા સંભાળતા સંતને કહ્યું, “સ્વામી, અગ્રેસર (મંદિરની સેવા કરતા આગેવાન) હરિભક્તો સાથેની ગોષ્ઠિ તો બાકી રહી ગઈ છે તો હરિભક્તોને બોલાવી લો.” સંતોએ પ્રાર્થના કરી, “દયાળુ, હરિભક્તોને ઘણો લાભ મળ્યો છે અને આવતી કાલે પણ મળશે માટે અત્યારે આપ આરામ કરો.” છતાં ગુરુજીએ આગ્રહ રાખ્યો. “દસ-પંદર મિનિટ બોલાવી લો.” અગ્રેસર મુક્તોને લાભ આપવા ગુરુજી સંતાશ્રમના પૅસેજમાં રાત્રે ૧૧:૨૦ વાગ્યે બિરાજ્યા તો રાત્રિના ૧ વાગ્યા સુધી લાભ આપ્યો. ત્યારબાદ શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા પૂર્ણ કરી ગુરુજી આસને પોઢવા પધાર્યા ત્યારે રાત્રિના ૧:૨૦ થયા હતા. અતિશય થાકને કારણે ગુરુજી તરત પથારીમાં આડા પડખે થયા. બાજુમાં એક સંત પોઢ્યા હતા.

ગુરુજીનો અવરભાવનો આ દાખડો તથા થાક જોઈ તે સંતની આંખ આંસુથી છલકાઈ ગઈ. થોડી વાર તો પોતાની જાત પર સંયમ રાખી શક્યા પણ પથારીમાં પોઢેલા ગુરુજીનાં અતિ દયનીય દર્શનથી સંતના હૃદયબંધ છૂટી ગયા. તેમનાથી ડૂસકું ભરાઈ ગયું. ડૂસકાનો અવાજ સાંભળી ગુરુજી જાગી ગયા અને સફાળા બેઠા થઈ તેમણે કરુણાસભર ચહેરે પૂછ્યું, “શું થયું સ્વામી ? કેમ રડો છો ?” ત્યારે સંતે રડતાં રડતાં કહ્યું, “ગુરુજી ! આપ આટલો બધો દાખડો કેમ કરો છો ? આટલાં કષ્ટો કેમ વેઠો છો ? અમારાથી આપની આ સ્થિતિ જોવાતી નથી.” ત્યારે ગુરુજીએ પ્રતિ ઉત્તર આપ્યો, “સ્વામી, મહારાજ અને બાપાના સિદ્ધાંતો માટે જન્મ છે. તેને વિશ્વવ્યાપી કરવાના છે. અનાદિમુક્તની સ્થિતિ માટે અમને મોકલ્યા છે. લોહીનું એક એક બુંદ મહારાજ-બાપાના સિદ્ધાંત માટે ન્યોછાવર છે.”

આટલું કહી ગુરુજીએ સંતને કહ્યું, “મોડી રાત થઈ ગઈ છે. ચલો પોઢી જઈએ.” દિવ્યપુરુષ ગુરુજીની દૃષ્ટિએ ચડેલા જીવોને માયાના બંધનોથી મુક્ત કરવા સ્વયંના અવરભાવને કેવો નિચોવી નાખે છે !! આનાથી મોટી જીવો પરની એમની કઈ કરુણા હોઈ શકે !!

• • •

૨૮ જાન્યુઆરી, ૨૦૨૨ ને એકાદશીનો દિન. સવારે ગુરુજીએ મુખમાં જળનું એક ટીપું પણ મૂક્યું નહિ અને સ્વામિનારાયણ ધામ પ્રાર્થના મંદિરના બેઝમૅન્ટમાં સંકલ્પ સભામાં લાભ આપવા પધારી ગયા. ૭:૪૫ વાગ્યે શરૂ થયેલી ગુરુજીની અમૃતવાણી ૯:૪૫ વાગ્યે વિરમી. પછી તો મુલાકાતીઓની ભીડ જામી. ૧૧:૩૦ વાગ્યા સુધી ગુરુજી સૌને સંતોષ આપી પોતાના આસને પધાર્યા ત્યારે હરિભક્તોના પ્રાર્થનાપત્રો તથા સંસ્થાકીય આયોજનનાં કાગળો ગુરુજીની રાહ જોઈને જ બેઠા હતા. ગુરુજીએ થોડું જળ તથા લિક્વિડ ધરાવી પ્રાર્થનાપત્રો તથા આયોજનના કાગળોને પણ સંતોષ આપ્યો.

ત્યારબાદ ગુરુજી સંતોના એક વિશેષ પ્રોગ્રામમાં પધાર્યા. જેમાં બપોરે ૧થી સાંજના ૮ વાગ્યા સુધી સળંગ સાત કલાક સુધી સંતોને અધ્યાત્મ તથા કારણ સત્સંગના સિદ્ધાંતોથી રસભર કર્યા. ભૂખ, તરસ, થાક કે અવરભાવના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર ગુરુજીએ સળંગ સાત કલાક લાભ આપી સમર્પિત સમાજને ચૈતન્યનું સાચું ભોજન કરાવ્યું.

પ્રોગ્રામ પૂર્ણ કરી રાત્રે ૮:૧૫ વાગ્યે ગુરુજી જ્યારે ફળાહાર કરવા બિરાજ્યા ત્યારે પણ તેમના મુખમાંથી સિદ્ધાંતોને દૃઢ કરાવતો આલાપ જ છેડાતો હતો. ફળાહાર પૂર્ણ કરી શ્રીહરિની સ્વાભાવિક નિયમચેષ્ટાને હજુ ૧૫ મિનિટની વાર હતી ત્યારે પણ ગુરુજી ગુરુકુલ બિલ્ડિંગના C ફ્લોર પર પ્રદક્ષિણા કરતાં કરતાં સંતોને આત્મબુદ્ધિના પરમપાઠ શીખવી રહ્યા હતા.

પોલાદને પણ પિગાળી દે એવી ભીડાની ભઠ્ઠીમાં તપીને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી નિરંતર પોતાના નિકટવર્તી સમાજને કારણ સત્સંગના સિદ્ધાંતોથી રસતરબોળ કરે છે. બસ, એક જ હેતુથી—આ વિશ્વને કારણ સત્સંગના રંગે રંગવા.

• • •

ઈ.સ. ૨૦૨૩માં ગુરુજી આફ્રિકા વિચરણ દરમ્યાન બોટ્સવાનાથી કેન્યા પધારતા હતા. ત્યારે એક કલાકની નાનકડી સફરને પણ ગુરુજીએ બ્રહ્માનંદી બનાવી દીધી હતી. મુસાફરી દરમ્યાન તેઓએ આરામ કરવાને બદલે સદ્. વૃંદાવનસ્વામીની વાતોનું વાંચન-મનન કર્યું. પછી કેન્યા એરપોર્ટ પરના પાંચ કલાકના વિશ્રામ (હૉલ્ટ) સમયે પણ વિશ્રામ કરવાને બદલે ગુરુજીએ સંતોની સભા કરી અને પોતે જે વાંચન-મનન કર્યું હતું તે પરભાવી જ્ઞાન કથાવાર્તા દ્વારા સંતોના

હૃદયમાં રેડી દીધું.

જેમ પૃથ્વી પર પ્રાણવાયુનું પ્રમાણ જાળવી રાખવા વૃક્ષોનાં વાવેતર જેટલાં જરૂરી છે તેમ સંત સમાજમાં આધ્યાત્મિકતા અને સિદ્ધાંતવાદિતા ટકાવી રાખવા આગ્રહભરી તથા નિશાનવાળી કથાવાર્તા પણ એટલી જ ફરજિયાત છે એ વાત ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સુપેરે જાણે છે એટલે જ તેઓનો રાત્રિ-દિવસનો દાખડો છે.

• • •

તા. ૩૧-૫-૨૦૨૬ ને રવિવારના રોજ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પૂનમિયા હરિભક્તોને લાભ આપવા વાસણા, અમદાવાદ પધાર્યા. અધિક જેઠની કાળઝાળ ગરમીમાં પણ ગુરુજીએ બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી લાભ આપ્યો. ત્યારબાદ હરિભક્તોને દર્શનનું સુખ આપી બપોરે ૨:૩૦ વાગ્યે જમવા બિરાજ્યા. જમાડીને થોડી વાર આરામ કર્યો-ન કર્યો ત્યાં હરિભક્તોની લાઈન લાગી. તે સૌના પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કરતાં સાંજના ૬:૧૫ વાગી ગયા. ગુરુજીની દૃષ્ટિ ઘડિયાળ તરફ ગઈ. તેઓએ સાથેના સેવક સંતોને કહ્યું, ‘‘ગાડી તૈયાર કરાવડાવો; આપણે સ્વામિનારાયણ ધામ પર જવા તરત નીકળવાનું છે.’’ વાસણા વિસ્તારના સંતોએ ગુરુજીને ઠાકોરજી જમાડીને પધારવાની ઘણી પ્રાર્થના કરી પરંતુ તેઓની દૃષ્ટિમાં ભોજન કરતાં પણ કંઈક વિશેષ હતું.

ગુરુજી તરત વાસણાથી નીકળી સ્વામિનારાયણ ધામ પધાર્યા. સ્વામિનારાયણ ધામના ગેટમાં આવતાં ગુરુજીએ ડ્રાઈવર મુક્તને કહ્યું, ‘‘ગાડી સંત આશ્રમમાં નહિ, ગુરુકુલ પ્રાર્થના મંદિરના બેઝમૅન્ટ પાસે લઈ લો.’’ સેવક સંત ગુરુજીના ઈશારાને પારખી ગયા છતાં તેમણે પ્રાર્થના કરી, ‘‘દયાળુ ! આપણે સંત આશ્રમમાં જઈએ. ત્યાં આપ જળ ધરાવો, થોડો આરામ કરો, ઠાકોરજી જમાડ્યા પછી આપણે પ્રાર્થના મંદિરના બેઝમૅન્ટમાં જઈશું.’’ ગુરુજીએ કહ્યું, ‘‘ના, અમારે ભૂખ્યા ને ગરજુ પ્રિ-મુમુક્ષુના મુક્તોનાં દર્શન કરવા જવું છે.’’ ગુરુજીની રુચિ જાણી ડ્રાઈવર મુક્તે ગાડીનો વળાંક પ્રાર્થના મંદિર તરફ લીધો. ગુરુજી બેઝમૅન્ટમાં પધાર્યા તે સમયે પ્રિ-મુમુક્ષુના મુક્તો ધ્યાન-ભજન દ્વારા મહારાજના સ્વરૂપમાં ડૂબેલા હતા. ગુરુજી પધાર્યા છે તેનો કોઈને ખ્યાલ પણ ન હતો. ગુરુજી તેઓનાં દર્શન કરી અત્યંત રાજી થયા અને સૌ હરિભક્તોને બે દંડવત કર્યા. એ પછી એક એક હરિભક્તોની નજીક જઈ સૌ પર કૃપાદૃષ્ટિ વહાવી. ત્યારબાદ સૌ હરિભક્તોને એક કલાક સુધી અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ વધવાની નવી દિશા આપી. આ સૌ મુક્તોને તેમની સાધનામાં આગળ વધવાનું બળ આપી ગુરુજી સંત આશ્રમ તરફ પધારતા હતા ત્યારે તેઓના મુખ પર સંતોષની લાગણી તરવરતી હતી.

મહારાજના પરભાવી સંકલ્પોમાં ભળવા તત્પર એવા હરિભક્તોનાં જીવન અધ્યાત્મથી અજવાળવા ગુરુજીએ આખા દિવસના થાકને પણ અવગણી તેમના જીવમાં પરભાવી સિદ્ધાંતોના પ્રાણ પૂર્યા.

આપણા વ્હાલા ગુરુજીના દિવ્યજીવનની પ્રત્યેક ક્ષણ શ્રીહરિના પરભાવી સંકલ્પોને પૂર્ણ કરવા હોમાઈ રહી છે. ગુરુજીના દિવ્ય હૃદયનો પ્રત્યેક ધબકાર મુમુક્ષુને પુરુષોત્તમરૂપ કરવા ધબકી રહ્યો છે. ગુરુપૂર્ણિમાના આ દિવ્ય પર્વે આપણે સૌ આપણા હૃદય આસન પર આપણા ગુરુજી જેવી કારણ સત્સંગના સિદ્ધાંતની ખુમારી સ્થાપિત કરી તેઓના અંતરે હાશ કરાવીએ.

## AYP કૅમ્પ

“કોઈ રાજી કરે કે ના કરે, મારે રાજી તમને કરવા છે.” મહારાજ અને મોટાપુરુષને રાજી કરી લેવા છે એવી નેમ લઈને જીવતા આદર્શ યુવક મુકતોનો તા. ૧-૫-૨૦૨૬થી તા. ૪-૫-૨૦૨૬ અને તા. ૧૫-૫-૨૦૨૬થી તા. ૧૮-૫-૨૦૨૬ દરમ્યાન બે ભાગમાં ઝોનવાઇઝ ચાર-દિવસીય AYP કૅમ્પ ઊજવાઈ ગયો.

આ કૅમ્પમાં સૌ મુકતો મનન કોર્સ દ્વારા આધ્યાત્મિક માર્ગે આગળ વધવા કટિબદ્ધ બન્યા હતા. આ કૅમ્પમાં સૌ મુકતોને વ્હાલા ગુરુજી પ્રાત: સેશનમાં લાભ આપવા પધારી સૌને બળિયા કરતા. તો વળી, સાંજે અવનવી લીલાઓ કરી પોતાના વ્હાલસોયા દીકરાઓને નિકટનું સાંનિધ્ય આપી સુખિયા કરતા. વળી, આ કૅમ્પ દરમ્યાન અંગત ગોષ્ઠિ, વ્યક્તિગત બેઠક, એકાંત, ધ્યાન, વાંચન, કથાશ્રવણ સાથે મનન જેવા વિવિધ માધ્યમો દ્વારા સત્સંગ ભાથું ભેગું કરી સત્સંગની કોરે વૃદ્ધિ કરવાનું બળ પામ્યા હતા. આ કૅમ્પમાં ૧૭૦૦થી પણ વધુ મુકતો ઉત્સાહભેર ભાગ લઈ કૃતાર્થ બન્યા હતા.

# દિવ્ય નૂતન સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહ - કપડવંજ










મુમુક્ષુ જીવોને ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવી છતે દેહે મૂર્તિના સુખમાં રમતા કરવા માટે જ કારણ સત્સંગની ફૂલવાડી છે. મહારાજના સંકલ્પોને પૂરા કરવા માટે જ મોટાપુરુષોનું અથાગ અને અવિરત વિચરણ હોય છે. બાપાશ્રી કાયમ કહેતા, ‘અત્યારે તો આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી છે.’ અને આ આત્યંતિક કલ્યાણનું સદાવ્રત એટલે મંદિર કે જ્યાંથી અનંત મુમુક્ષુઓ મોટાપુરુષ સાથે હેત કરી મહાપ્રભુની મૂર્તિના સુખને પામવાની કેડી કંડારે છે. તા. ૨૪-૫-૨૦૨૬ના રોજ કપડવંજ ખાતે દિવ્ય નૂતન સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ ઊજવાઈ ગયો.

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પથી તેમજ વ્હાલા ગુરુજીની અનુજ્ઞાથી અહીં ઈ.સ. ૨૦૧૮ દરમ્યાન પૂ. સંતોએ વિચરણ કરી અથાગ દાખડા કર્યા. શરૂઆતમાં પ.ભ. શ્રી વિજયસિંહ સોઢાના ઘરે પૂ. સંતો અઠવાડિક સભામાં લાભ આપવા પધારતા. મહારાજ અને મોટાપુરુષના મહિમાની તથા દિવ્યભાવ સાથેની કથાવાર્તાથી સૌ કોઈને મહાત્મ્યભાવે અનેરું આકર્ષણ થતું. મુમુક્ષુ હરિભક્તોની સંખ્યા ધીરે ધીરે વધવા લાગી અને મંદિર માટેની તાતી જરૂરિયાત જણાવા લાગી. એ ન્યાયે ઈ.સ. ૨૦૨૨માં કપડવંજ ખાતે મંદિરનિર્માણ હેતુ નૂતન ભૂમિ સંપાદિત થઈ. કોરોના કાળ પછીથી અઠવાડિક સભા પ.ભ. અનિલભાઈ કનુભાઈ પટેલને ત્યાં થતી. પૂ. સંતો અવારનવાર પધારી સૌને મહાત્મ્યસભર કરતા અને સત્સંગનું બળ પ્રદાન કરતા. અહીં સત્સંગ સંવર્ધનની સેવામાં પ.ભ. શ્રી નરેન્દ્રભાઈ વાઘેલા તથા પ.ભ. શ્રી રીપલભાઈ પટેલનો ફાળો પણ સવિશેષ રહ્યો હોઈ તેઓ પણ ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા છે. સત્સંગની વૃદ્ધિ થતાં અહીં મંદિરનિર્માણ કાર્ય શરૂ થયું અને જોતજોતામાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનાં દુંદુભિ સંભળાવા લાગ્યાં.

તા. ૨૪-૫-૨૦૨૬ની નવલી પ્રભાત કપડવંજ સત્સંગ મંડળના સર્વે હરિભક્ત સમાજ માટે હરખની લહેરખી લઈને આવી. આબાલવૃદ્ધ સૌ હરિભક્તોના હૈયે કપડવંજના આંગણે મહારાજ બિરાજમાન થવાના હોઈ આનંદ સમાતો ન હતો. સાયંકાળે પાંચ વાગ્યે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું આગમન થયું ત્યારે વાતાવરણ તાળીઓના નાદ સાથે જયજયકારથી ગુંજી ઊઠ્યું. પૂ. સંતોએ તથા યજમાન મુક્તોએ

વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીનું પુષ્પહારથી સ્વાગત કર્યું. વ્હાલા ગુરુજીએ કુમકુમ અર્ચન કરી બોર્ડ અનાવરણ કર્યું. ત્યારબાદ મંદિરના પ્રવેશદ્વારનું પૂજન કરી મુમુક્ષુ જીવો માટે આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખુલ્લું મૂક્યું.

વ્હાલા ગુરુજીએ નૂતન સિંહાસનને વિષેથી પડદા ખોલી સિંહાસન મધ્યે બિરાજમાન ઘનશ્યામ મહાપ્રભુની મનોરમ્ય મૂર્તિનાં દર્શન કરાવ્યાં ત્યારે સમગ્ર મંદિર પરિસરમાં જયજયકારનો નાદ ગુંજી ઊઠ્યો. ત્યારબાદ યજમાન મુક્તો સંગે મહાપૂજાનો પ્રારંભ થયો. મહાપૂજા બાદ ભગવાન સ્વામિનારાયણ સહિત દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢીની મૂર્તિઓનું વ્હાલા ગુરુજી, પૂ. સંતો તથા યજમાન પરિવારો દ્વારા પૂજન-અર્ચન કરવામાં આવ્યું. વ્હાલા ગુરુજીએ આજના પ્રસંગે આનંદોત્સવનો લાભ આપ્યા બાદ સૌને જાહેર સભા દરમ્યાન કથાવાર્તાનો લાભ આપી મહાત્મ્યસભર બનાવ્યા હતા. કપડવંજ સત્સંગ મંડળના હરિભક્તો દ્વારા મહાપ્રભુને લાડ લડાવવા માટે વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. પૂર્ણસ્વામીની રાહબરી હેઠળ તેમજ પૂ. નિષ્કામસ્વામી, પૂ. સત્સંગસ્વામી, પૂ. પવિત્રસ્વામી, પૂ. દીનબંધુસ્વામી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ સૌ સ્વયંસેવક મુક્તોએ આ ઉત્સવને દીપાવ્યો હતો.

આમ, આજના દિને ૧૦૦૦થી વધુ હરિભક્તો આ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો લાભ લઈ ધન્યભાગી બન્યા હતા.

## ચાતુર્માસના વિશેષ નિયમ - ૨૦૨૬

**શ્રીજીમહારાજ અને ગુરુજીને રાજી કરવા ચાતુર્માસ દરમ્યાન નીચેના નિયમો લઈએ...**
**(ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા.)**

૧. દરરોજ જ્ઞાન-ધ્યાન ચિંતનમાં લાભ લેવા માટે મંદિરે જઈશ. (ફરજિયાત)

૨. દરરોજ સવારે પૂજામાં 'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (પદ-૨)...' આ પ્રાર્થના અવશ્ય કરીશ. (ફરજિયાત)

૩. દરરોજ એકાગ્રચિત્તે એક બેઠકે મૌન રાખી ઉંમર જેટલી માળા અવશ્ય કરવી. (ફરજિયાત)

૪. દર એકાદશીએ સંકલ્પ સભાનો અને પૂનમના સમૈયાનો પ્રત્યક્ષ અથવા ઓનલાઇન લાભ લઈશ.

૫. દરરોજ દિવ્યભાવે પાંચ માનસીપૂજા નિયમિત અને સમયસર કરવી.

૬. પરિવારમાં આત્મીયતા રાખવા માટે દર અઠવાડિયે ક્ષમાયાચના દિન અવશ્ય કરીશ જ.

૭. દરરોજ એક વચનામૃત અને એક બાપાશ્રીની વાતનું વાંચન કરીશ.

૮. દરરોજ ઘરમંદિરની ઓછામાં ઓછી એક સેવા તો અહોભાવથી અવશ્ય કરીશ જ.

૯. ચાતુર્માસ / શ્રાવણમાસ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન કરીશ.

**ચાતુર્માસ નિમિત્તે શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા, સેવક ઉપર મુજબના નિયમ લે છે. તો મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કે આ નિયમો પાળવાનું ખૂબ ખૂબ બળ આપે.**

## શ્રાવણમાસના વિશેષ નિયમ - ૨૦૨૬ (બાળકો માટે)

**શ્રીજીમહારાજ અને ગુરુજીને રાજી કરવા શ્રાવણમાસ દરમ્યાન નીચેના નિયમો લઈએ...**
**(ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા.)**

૧. અઠવાડિક બાળસભાનો લાભ નિયમિત લઈશ. (ફરજિયાત)

૨. દરરોજ ૧૧ અથવા ઉંમર જેટલી માળા અવશ્ય કરીશ. (ફરજિયાત)

૩. દરરોજ માતાપિતાને ચરણસ્પર્શ કરીશ.

૪. માતાપિતા કે વડીલોની સામે નહિ બોલું, જીદ નહિ કરું.

૫. દર અઠવાડિયે માતાપિતા પાસે થયેલ ભૂલો માટે ક્ષમાયાચના કરીશ.

**શ્રાવણમાસ નિમિત્તે શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા, સેવક ઉપર મુજબના નિયમ લે છે. તો મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કે આ નિયમો પાળવાનું ખૂબ ખૂબ બળ આપે.**

## બાયડ દશાબ્દી ઉત્સવ









ઈ.સ. ૨૦૧૬માં બાયડ ખાતે કારણ સત્સંગના પ્રચાર-પ્રસાર હેતુ તૈયાર કરવામાં આવેલ હરિમંદિરને તાજેતરમાં દસ વર્ષ પૂર્ણ થયાં. તા. ૨૮-૫-૨૦૨૬ના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ધામધૂમપૂર્વક બાયડ મંદિરનો દશાબ્દી ઉત્સવ ઊજવાઈ ગયો. સાયંકાળે ૬થી ૯ દરમ્યાન આયોજિત આ દશાબ્દી ઉત્સવનો પ્રારંભ છાબયાત્રાથી થયો હતો. છાબયાત્રાના યજમાન પરિવારો એવા પ.ભ. શ્રી રાજુભાઈ પરષોત્તમભાઈ પટેલ તથા પ.ભ. શ્રી ધીરુભાઈ શંકરભાઈ પટેલના ઘરે મધ્યાહ્ન સમયે વ્હાલા ગુરુજીએ પધરામણી તેમજ છાબયાત્રાના પૂજન તથા આરતીનો લાભ આપી તેઓને કૃપાવંત બનાવ્યા હતા. સાયંકાળે ૬ વાગ્યે શરૂ થયેલ છાબયાત્રા મંદિર પ્રાંગણમાં પહોંચતાં જ ઉપસ્થિત મુક્તોએ તાળીઓના નાદથી આ આગમનને વધાવી લીધું હતું. ત્યારબાદ વ્હાલા ગુરુજી સંગે પૂ. સંતોએ ઠાકોરજી સમક્ષ તેમજ યજમાન પરિવારોએ પ્રતીક મૂર્તિ સમક્ષ મહાપ્રભુ સંગે સદ્‌ગુરુશ્રીઓના પૂજન-અર્ચનનો લાભ લીધો હતો. આજરોજ સિંહાસન મધ્યે દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢી સંગે વ્હાલા ગુરુદેવની મૂર્તિની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આજના પ્રસંગે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ પ્રેમીભક્તોના મનોરથ પૂરા કરવા માટે રજત તુલા માટે તુલામાં બિરાજમાન થયા હતા. વ્હાલા ગુરુજીએ મહાપ્રભુની રજત તુલાને વધાવ્યા બાદ ઠાકોરજીને ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી આનંદોત્સવનો લાભ આપ્યો હતો. ઉપસ્થિત મુમુક્ષુજનો પર પુષ્પવૃષ્ટિ કરી ગુરુજી સૌને કરુણાવર્ષામાં ભીંજવી રહ્યા હતા. પ્રાણપ્યારા ઘનશ્યામ મહારાજ દસ દસ વર્ષથી હરિભક્તોના મનોરથ પૂરા કરતા હોઈ પાટોત્સવની આરતી પૂર્ણ થયા બાદ યજમાન મુક્તો ધજાપૂજનનો લાભ લઈ સભામંડપમાં પધાર્યા હતા. પ્રાસંગિક પ્રવચનનો પૂ. પૂર્ણસ્વામીએ લાભ આપ્યા બાદ વ્હાલા ગુરુજીએ હૅપી ફૅમિલિ અંતર્ગત જાહેર સભામાં બળપ્રેરક કથાવાર્તાનો લાભ આપી ઉપસ્થિત સૌને સુખિયા કર્યા હતા. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. પૂર્ણસ્વામીની રાહબરી હેઠળ તથા પૂ. નિષ્કામસ્વામી, પૂ. સત્સંગસ્વામી, પૂ. નિર્લોભસ્વામી, પૂ. પવિત્રસ્વામી, પૂ. દીનબંધુસ્વામી આદિ પૂ. સંતોના માર્ગદર્શન હેઠળ સૌ સ્વયંસેવક મુક્તોએ આ આયોજનને ખૂબ સુંદર રીતે પૂર્ણ કર્યું હતું. મહાપ્રભુને રાજી કરવા માટે બાયડના પ્રેમી હરિભક્તોએ ૨૦૦૦ કરતાં વધુ સમૂહઆરતીનો લાભ લીધો હતો. આમ, આજના દિને આયોજિત દશાબ્દી ઉત્સવ અંતર્ગત ઠાકોરજીનાં અન્નકૂટ દર્શન કરી તેમજ કથાવાર્તાનો લાભ લઈ ૩૧૦૦થી વધુ મુક્તો ધન્ય બન્યા હતા.



શ્રીજીની મૂર્તિમાં સુખડાં છે મોટાં.

# વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું લંડન ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









‘કરવો પ્રચાર દુનિયા પાર, સંકલ્પ કીધો છે નિરધાર...’ આ નેમ સાથે ઈ.સ. ૨૦૨૬માં ગુરુજીની આજ્ઞાથી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું લંડન ખાતે વિચરણ ગોઠવાયું હતું. તા. ૩૦ એપ્રિલ, ગુરુવારના રોજ ઇન્ડિયાથી લંડન સેન્ટરના પ્રભારી સંત પૂ. નિર્ગુણસ્વામી, પૂ. ધ્યેયસ્વામી, પૂ. ઉત્તમસ્વામી એમ ત્રણ સંતોના મંડળ સાથે પ.ભ. મિતેશભાઈ પટેલ આ વિચરણમાં જોડાયા હતા.

પૂ. સંતોના લંડન વિચરણ દરમ્યાન ત્રિ-દિનાત્મક વચનામૃત પારાયણ, ઘેર ઘેર હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. સંતોની પધરામણી, પૂ. સંતોની રસોઈ, વિવિધ ઉત્સવો તથા અંગત શિબિરો, વિભાગીય મિટિંગો, મંદિર વિઝિટ વગેરે જેવા પ્રોગ્રામો થયા. એ સિવાય લંડનમાં વૉટફૉર્ડ, ઈસ્ટ લંડન, કૉવેન્ટ્રિ, બર્મિંહેમ, લેસ્ટર જેવા જુદા જુદા વિસ્તારોમાં પણ સત્સંગ સભા, પધરામણી દ્વારા હરિભક્તો સાચા અર્થમાં સત્સંગના માર્ગે આગળ વધ્યા તથા આધ્યાત્મિક રીતે બળિયા થયા. વળી, લંડન મંદિરેથી જર્મની, પોલૅન્ડ, ઇટલી તથા સ્પેનનાં પણ હરિભક્તોની ઑનલાઈન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિચરણ દરમ્યાન ૧૦ પ્રાતઃ સભા, ૧ વેલ્કમ સભા, આમ્રોત્સવ, ત્રણ દિવસની વચનામૃત પારાયણ, ૩ અસ્મિતા શિબિર, ઉપાસના શિબિર, ૨ કિશોર સભા, ૩ બાળ સભા, DSS-AYP-પ્રિ-મુમુક્ષુ સભા, Gratitude સભા, ૧૦થી વધુ અંગત સભા, ૨ કીર્તન ઓચ્છવ પ્રોગ્રામ, કિશોરો સાથે પિકનિક, એક-દિવસીય બાળ સમર કૅમ્પ, ૧૦થી વધુ વિભાગીય મિટિંગો, હરિભક્તો સાથે અંગત બેઠક, ૬ રસોઈ, ૭૫ પધરામણી, ૪ મહાપૂજા જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા સર્વે આબાલવૃદ્ધ હરિભક્તો આધ્યાત્મિક અને વ્યવહારિક જીવનમાં પ્રેરણા પામ્યા હતા. આ રીતે કુલ ૨૮ દિવસના પૂ. સંતોના વિચરણ બાદ તા. ૨૮ મે, ગુરુવારના રોજ સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. નિર્ગુણસ્વામીનું મંડળ ઇન્ડિયા પરત પધાર્યું હતું.

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :

**મૂ.નિ. અજયભાઈ બળદેવભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૩૬, સાણંદ; તા. ૧૩-૫-૨૦૨૬**

**મૂ.નિ. નટવરભાઈ છીતાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૭, વડોદરા; તા. ૧૬-૫-૨૦૨૬**

**મૂ.નિ. હરેશકુમાર નાનાલાલ કક્કડ, ઉંમર વર્ષ-૬૧, વેરાવળ; તા. ૨૦-૫-૨૦૨૬**

**મૂ.નિ. સુરેશચંદ્ર કાંતિલાલ સોની, ઉંમર વર્ષ-૮૩, વડોદરા; તા. ૨૧-૫-૨૦૨૬ :** વડોદરા સેન્ટરના ઘરધણી મુક્ત એવા સુરેશચંદ્ર સોની પૂ. સંતોના વચનને અધ્ધર ઝીલી બુકસ્ટોલમાં છેલ્લા ૧૦ વર્ષથી સેવા નિભાવી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના રાજીપાના પાત્ર બન્યા હતા. સરળ સ્વભાવ, નિર્માનીપણું, દાસત્વભાવે સેવા વગેરે ગુણોથી પૂ. સંતોને પણ નિશ્ચિંતપણું અપાવી રાજી કર્યા હતા.



**મૂ.નિ. અર્પિતગિરિ નિરંજનગિરિ ગોસાંઈ, ઉંમર વર્ષ-૩૩, વાસણા; તા. ૨૩-૫-૨૦૨૬**

**મૂ.નિ. મેહુલભાઈ ચેલુભાઈ સિંધવ, ઉંમર વર્ષ-૩૪, ટુવા (સુરેન્દ્રનગર); તા. ૨૮-૫-૨૦૨૬ :** સુરેન્દ્રનગર સેન્ટરના ઘરધણી મુક્ત એવા મેહુલભાઈ સિંધવ મૂર્તિસુખે સુખિયા થયા છે. પૂ. સંતોના વચને તેઓ ગ્રામ્ય વિસ્તારમાં સંપર્ક મુખ્ય સંચાલક તથા રતનપર બાળમંડળના મુખ્ય સંચાલક તરીકે સેવા આપી ગુરુદેવ તથા ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા. અચાનક આવી પડેલ આ દુઃખદ પરિસ્થિતિમાં મહાપ્રભુ તેઓના પરિવારજનોને સત્સંગનું અને સમજણનું ખૂબ ખૂબ બળ આપે તેવી પ્રાર્થના.



**મૂ.નિ. રણછોડભાઈ હિંમતસિંહ જાદવ, ઉંમર વર્ષ-૬૭, ગાંધીનગર, સેક્ટર-૬; તા. ૨-૬-૨૦૨૬ :** સેક્ટર-૬ના ઘરના જ સ્ટાફ સભ્ય એવા રણછોડભાઈ જાદવ વર્ષોથી વ્હાલા ગુરુજી તથા પૂ. સંતો માટે દાતણ લાવવાની સેવાનો લાભ લેતા હતા. વળી, દરરોજ મંદિરે નાની-મોટી સેવાનો લાભ લઈ પૂ. સંતોને નિશ્ચિંતપણું અપાવી રાજીપો કમાયા હતા.



**મૂ.નિ. નીલકંઠભાઈ ધીરુભાઈ દુધાત, ઉંમર વર્ષ-૩૨, સુરત; તા. ૩-૬-૨૦૨૬**

**મૂ.નિ. રમેશભાઈ નાગરદાસ નંદાણી, ઉંમર વર્ષ-૮૧, રાજકોટ; તા. ૩-૬-૨૦૨૬**

**મૂ.નિ. વિપુલભાઈ જયરામભાઈ કોટડિયા, ઉંમર વર્ષ-૪૭, એટલાન્ટા; તા. ૪-૬-૨૦૨૬**

**મૂ.નિ. જયંતિભાઈ રેવાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૫૫, ગોધરા; તા. ૭-૬-૨૦૨૬**

**મૂ.નિ. બાબુલાલ વીરચંદદાસ પટેલ, ઉંમર વર્ષ-૭૨, ઊંઝા; તા. ૮-૬-૨૦૨૬**

**મૂ.નિ. ધીરુભાઈ વલ્લભભાઈ ડોબરિયા, ઉંમર વર્ષ-૮૨, ઘાટલોડિયા; તા. ૯-૬-૨૦૨૬ :** વર્ષોથી ઘનશ્યામનગર ખાતે રહી નાના-મોટા ઉત્સવ-સમૈયા પ્રસંગે રસોડા વિભાગમાં સક્રિયપણે સેવા બજાવી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો કમાયા હતા. નિખાલસભાવે, નિર્માનીપણે, દાસભાવે બુકસ્ટોલમાં ગૌમુખી સીવવાની સેવા નિભાવી પૂ.સંતોને નિશ્ચિંત કરી રાજી કર્યા હતા. તેઓએ ભક્તિનિવાસમાં ત્રણ દીકરીઓને સમર્પિત કરેલ છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના ચૈતન્યને મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આપે.



**મૂ.નિ. ભરતભાઈ વિનોદભાઈ વઢવાણા, ઉંમર વર્ષ-૪૫, વાસણા; તા. ૯-૬-૨૦૨૬**

**મૂ.નિ. નટવરલાલ અંબાલાલ પટેલ, ઉંમર વર્ષ-૮૪, કડી; તા. ૧૦-૬-૨૦૨૬**

**મૂ.નિ. કંચનબેન માણેકલાલ દરજી, ઉંમર વર્ષ-૭૬, સંતરામપુર; તા. ૨૭-૪-૨૦૨૬**

**મૂ.નિ. સુમિતાબેન રાજેશભાઈ હિંગુ, ઉંમર વર્ષ-૪૭, ઘનશ્યામગનર; તા. ૭-૫-૨૦૨૬**

**મૂ.નિ. કસ્તૂરબેન નાગજીભાઈ સરડવા, ઉંમર વર્ષ-૭૩, મોરબી; તા. ૧૯-૫-૨૦૨૬**

**મૂ.નિ. ધૂળીબેન બાપુજીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૬, છાયણ (ગોધર); તા. ૪-૬-૨૦૨૬**

મૂ.નિ. જિયા હરેશભાઈ ભીકડિયા, ઉંમર વર્ષ-૮, બોટાદ; તા. ૪-૬-૨૦૨૬

મૂ.નિ. દક્ષાબેન મિનેષભાઈ ચૌહાણ, ઉંમર વર્ષ-૪૯, ઇસનપુર; તા. ૯-૬-૨૦૨૬

મૂ.નિ. હિરલબેન વિકાસકુમાર ગવદાની, ઉંમર વર્ષ-૩૯, સુરત; તા. ૧૦-૬-૨૦૨૬

મૂ.નિ. ગૌરીબેન અમરશીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૨, વસ્ત્રાલ; તા. ૧૧-૬-૨૦૨૬

## સંસ્થા ગૌરવ

**ધન્વી બાબુભાઇ પટેલ – ગોધરા**

તાજેતરમાં લેવાયેલ ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષામાં ગોધરા સેન્ટરનાં કિશોરી ધન્વી પટેલે ૯૯.૯૮ પી.આર. સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય ક્રમાંકે તથા પંચમહાલ જિલ્લામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે.જે બદલ દિવ્ય ભાસ્કર પરિવાર તરફથી મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપીને તેમની આ સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.ભવિષ્યમાં તેઓ આવી ને આવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતાં રહે તેવી મહારાજ, બાપા, ગુરુદેવ અને ગુરુજીના ચરણોમાં પ્રાર્થના.

## પ્રિ-મુમુક્ષુ કેમ્પ

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મૂર્તિસુખની યાત્રાલક્ષી પ્રૉજેક્ટ અન્વયે તા. ૨૫-૫-૨૦૨૬થી તા. ૩૧-૫-૨૦૨૬ દરમ્યાન પ્રિ-મુમુક્ષુ કેમ્પ વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં ઊજવાઈ ગયો. આ કેમ્પમાં સૌ મુક્તો મનન કોર્સ દ્વારા આધ્યાત્મિક બળ પ્રાપ્ત કરવાના માર્ગે આગળ વધ્યા હતા. વ્હાલા ગુરુજી પણ સૌને જલદી જલદી મૂર્તિસુખની યાત્રાના માર્ગે આગળ વધારવા તત્પર બન્યા હોય એ ન્યાયે ક્યારેક સભામાં તો ક્યારેક અંગત લાભ આપવા પધારી બળિયા કરતા. વળી, એકાંત, ધ્યાન, અંગત સભા, અંગત બેઠકમાં વ્યક્તિગત માર્ગદર્શન જેવાં વિવિધ માધ્યમો દ્વારા સૌ રાજી કરવાના માર્ગે દોડ્યા હતા. આમ, આ કેમ્પમાં ૭૩૬થી પણ વધુ મુક્તો ઉત્સાહભેર જોડાઈ ધન્ય બન્યા હતા.







(૧) નૂતન વર્ષે પોતાનાં સગાંસંબંધી, વેપારી બંધુ તથા મિત્રવર્તુળને આપવા માટેનાં કેલેન્ડર (૧૦.૫" X ૨.૫") પોતાની જાહેરાત સાથે કરાવી શકાય છે. (૨) પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુની નયનરમ્ય દિવ્ય તથા સુખદાયી મૂર્તિનાં કેલેન્ડર વહેલી તકે નોંધાવો. (૩) સંસ્થાના દરેક કેન્દ્રમાં કેલેન્ડરના ઓર્ડર નોંધાય છે.

**તા. ૮-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંધ્યા સમયે પ્રેમીભક્તને ત્યાં રસોઈની સેવાનો લાભ આપી કૃતકૃત્ય બનાવ્યા હતા.આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** સ્થિત **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ ખાતે પધારી શારીરિક રીતે અસ્વસ્થ ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૯,૧૦-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે બે-દિવસીય દિવ્ય સાંનિધ્ય શિબિરમાં પધારેલ યુવકમુક્તોને માતૃવાત્સલ્ય સ્નેહથી ભીંજવી સુખિયા કર્યા હતા.

**તા. ૧૦-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંધ્યા સમયે ૩ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના કોડ પૂરા કર્યા હતા.

**તા. ૧૩-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં ઉપસ્થિત ૩૬,૬૩૩થી વધુ મુમુક્ષુજનોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન લાભ આપી મોક્ષ માર્ગે જાગૃત કર્યા હતા.

**તા. ૧૭-૫-૨૦૨૬**ના રોજ સવારના સેશનમાં **પુણે (મહારાષ્ટ્ર)** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં નૂતન સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો. આ નિમિત્તે વ્હાલા ગુરુજીનાં દિવ્ય દર્શન-આશીર્વાદનો લાભ લઈ સૌ મુમુક્ષુજનો સુખિયા થયા હતા. વળી, **વ્હાલા ગુરુજી**એ **કાંદિવલી (મુંબઈ)** ખાતે રાત્રિ સમયે હેપી ફૅમિલિ સભા અંતર્ગત ઉપસ્થિત ૧૪૦૦થી વધુ મુક્તોને સુખી પરિવાર કરવાના ઉપાયો જણાવી સુખિયા કર્યા હતા.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ **કાંદિવલી (મુંબઈ)** ખાતે મોડી રાત્રે ત્યાંના સ્થાનિક ભક્તજનોને અંગત લાભ આપી કારણ સત્સંગના સિદ્ધાંતોથી ભર્યા હતા.

**તા. ૧૮-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **કાંદિવલી (મુંબઈ)** ખાતે ૩ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો.આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રથમ સેશનમાં **કાંદિવલી (મુંબઈ)** ખાતે કાર્યકર ડે નિમિત્તે કાર્યકર મુક્તોને લાભ આપી મહિમાસભર કર્યા હતા. વળી, આજરોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **નવી મુંબઈ** ખાતે ૨ પધરામણીનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **નવી મુંબઈ** ખાતે પૂર્વ રાત્રિએ પોતાના વ્હાલસોયા કિશોરમુક્તોને લાભ આપી લાડ લડાવ્યા હતા. આજરોજ વ્હાલા ગુરુજીએ રાત્રિ સમયે **નવી મુંબઈ** ખાતે હેપી ફૅમિલિ સભા ઉપક્રમે ઉપસ્થિત ૧૨૫૦થી વધુ મુક્તોને આત્મીયતાના પાઠ શીખવ્યા હતા.

**તા. ૧૯-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નવી મુંબઈ** ખાતે અંગત શિબિરમાં ઉપસ્થિત મુમુક્ષુમુક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી કૃપાવંત કર્યા હતા.આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **નવી મુંબઈ** ખાતે ૬ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી આસ્થાવાન ભક્તોની ભાવના પૂર્ણ કરી હતી.

**તા. ૨૧-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **લુણાવાડા** ખાતે પ્રાતઃ સભામાં મૂર્તિસુખના માર્ગે આગળ વધવાના ઉપાયો શીખવી ઉપસ્થિત મુમુક્ષુ સમાજને બળ પ્રેર્યું હતું.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **લુણાવાડા** ખાતે ઉપસ્થિત સ્થાનિક ભક્તોને સ્મૃતિછબી સેશનમાં લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં. આજરોજ સંધ્યા સમયે **ગોધર** ખાતે ઉપસ્થિત મુક્તોને **વ્હાલા ગુરુજી** સંગે સ્મૃતિછબી લેવાનો અનેરો લાભ પ્રાપ્ત થયો હતો.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ફતેપુરા (ગોધર)** ખાતે પ્રેમીભક્તના ગૃહે પધરામણી તથા રસોઈની સેવાનો લાભ આપ્યો હતો.આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ફતેપુરા (ગોધર)** ખાતે રાત્રિ સમયે ૧૦૦૦થી વધુ શ્રદ્ધાળુ ભક્તોને પોતાની સત્સંગ સરિતામાં ભીંજવ્યા હતા.

**તા. ૨૨-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે પ્રાતઃ સમયે અંગત સભામાં ઉપસ્થિત ૧૭૦૦થી વધુ ભૂખ્યા-ગરજુ મુક્તોને દિવ્યવાણીનો લાભ આપી મહિમાવંત કર્યા હતા.આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રથમ સેશનમાં **ગોધર**ના પ્રેમીભક્તોને સ્મૃતિછબી પ્રસંગ ઉપક્રમે સ્મૃતિછબી રૂપ અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્ન સમયે **માલવણ (ગોધર)** ખાતે ૧ રસોઈની સેવાનો લાભ આપી ભક્તોને કૃતકૃત્ય કર્યા હતા.આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **વીરપુર** ખાતે ત્યાંના સ્થાનિક ભક્ત સમુદાયને સ્મૃતિછબીનો

અણમોલ લાભ આપ્યો હતો. વળી, રાત્રિ સમે **વીરપુર** ખાતે હેપી ફેમિલિ સભા અંતર્ગત **વ્હાલા ગુરુજી**એ ૨૧૫૦થી વધુ મુક્તોને હૃદયસ્પર્શી દિવ્યવાણીનો લાભ આપી આત્મીય બનવાના માર્ગે આગળ વધવાનું ભાથું પીરસ્યું હતું.

**તા. ૨૩,૨૪-૫-૨૦૨૬** રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિર ઉપક્રમે પધારેલ મુક્તોને અવિસ્મરણીય લાભ આપી સત્સંગના રંગે રંગ્યા હતા.

**તા. ૨૭-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં પધારેલ ૩૬,૮૪૧થી વધુ મુમુક્ષુમુક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૮-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **બાયડ** ખાતે ૩ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. વળી, આજરોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **બાયડ**ના પ્રેમીભક્તોને સ્મૃતિછબીનો અણમોલ લાભ આપી મહિમાવંત કર્યા હતા.

**તા. ૩૧-૫-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં ઉપસ્થિત ૪૧,૪૬૪થી વધુ પ્રત્યક્ષ તથા ઑનલાઈન લાભ લઈ રહેલ પૂનમિયા ભક્તોને પોતાની સુધાવાણીનો અલભ્ય લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૫-૬-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે પ્રાતઃ સમયે ૨ પધરામણીનો લાભ આપી આસ્થાવાન ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો.

વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **અંકલેશ્વર** ખાતે પ્રાતઃ સમયે પોતાની અમૃતવાણીનો લાભ ઉપસ્થિત સ્થાનિક ભક્તોને આપી સ્મૃતિછબીનો અલભ્ય લાભ પણ આપ્યો હતો. ત્યારબાદ મધ્યાહ્ન સમયે **વ્હાલા ગુરુજી**એ **અંકલેશ્વર** ખાતે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **ડભોલી (સુરત)** ખાતેના સ્થાનિક ભક્તોને સ્મૃતિછબીનો લાભ આપી રાત્રિ સમયે ઉપસ્થિત ૧૦૦૦થી વધુ મુમુક્ષુમુક્તોને અંગત સભામાં લાભ આપી મોક્ષ માર્ગે જાગૃત કર્યા હતા.

**તા. ૬-૬-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે પ્રાતઃ સભાનો લાભ આપી આસ્થાવાન ભક્તોને સુખિયા કર્યા હતા. વળી, આજરોજ વ્હાલા ગુરુજીએ **પીપલોદ (સુરત)** ખાતે મધ્યાહ્ન સમયે રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો.આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે સંધ્યા સમયે સ્મૃતિછબીનો લાભ આપી રાત્રિ સમયે **વરાછા** ખાતેના અગ્રેસર મુક્તોને કારણ સત્સંગની મળેલી સેવા કરવા માટે જોમ-જુસ્સાથી ભર્યા કર્યા હતા.

**તા. ૭-૬-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પાસોદરા (સુરત)** ખાતે પ્રાતઃ સમયે કાર્યકર સભામાં ઉપસ્થિત મુક્તોને પોતાના દિવ્ય રાજીપાની લહાણીથી ભર્યા કર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્ન સમયે **કામરેજ (સુરત)** ખાતે ૨ પધરામણી તથા ૧ મહાપૂજાનો લાભ આપી પ્રેમીભક્તોને કૃતાર્થ કર્યા હતા. ત્યારબાદ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે ભક્તોને સ્મૃતિછબીનો લાભ આપ્યો હતો. વળી, આજરોજ રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **વરાછા** ખાતે હેપી ફેમિલિ સભા અંતર્ગત પધારેલ ૧૧૫૦થી વધુ મુક્તોને આત્મીય બનવાના ઉપાયો વિષે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**તા. ૧૩-૬-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **ઉના** ખાતે અંગત સભામાં ઉપસ્થિત મુક્તોને પોતાની અમૃતવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા. ત્યારબાદ સંધ્યા સમયે **ઉના**ના અગ્રેસર મુક્તોને લાભ આપી મહિમાસભર કર્યા બાદ રાત્રિ સમયે પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **ઉના** ખાતે ચાલતી પારાયણમાં પૂર્ણાહુતિમાં પધારેલ ૧૨૦૦થી વધુ મુમુક્ષુમુક્તોને પારાયણનું ફળ ફદલમાં આપ્યું હતું.

**તા. ૧૪-૬-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **ઉના** તથા **ટીંબી** ખાતે ૫ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ પ્રથમ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે અંગત સભામાં ઉપસ્થિત મુક્તોને લાભ આપી ધન્ય બનાવ્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે સંધ્યા સમયે ૬ પધરામણીનો લાભ આપી રાત્રિ સમયે પારાયણ પ્રસંગે ઉપસ્થિત ૧૩૦૦થી વધુ ભક્તોને અભયદાન આપ્યું હતું.

**તા. ૧૫-૬-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **બોટાદ** ખાતે ઉપસ્થિત મુક્તોને અંગત સભામાં લાભ આપ્યા બાદ મધ્યાહ્ન સમયે **ધંધુકા**ના પ્રેમીભક્તોને પોતાની કૃપા સરવાણીથી ભીંજવ્યા હતા.

દીવો ત્યાં દાતણ નહિ; દાતણ ત્યાં દીવો નહીં.

# અભિનંદન...

## Result in Std.10th & 12th Comm. & Sci.
## Eng. Med. & Guj. Med.

# 2026

## એસ.એમ.વી.એસ.ના ઝળહળતા સિતારા

### ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ


કુશ એ. દરજી
PR ૯૯.૬૨, ચાંદખેડા


દેવ કે. પટેલ
PR ૯૯.૫, SDIS


પ્રનીલ સી. મહેતા
PR ૯૯.૪૩, SDIS


ઘનશ્યામ કે. પંચાલ
PR ૯૯.૩૬, ઘન.નગર


જયદેવ એચ. પ્રજાપતિ
PR ૯૮.૯૨, પાલનપુર


ધ્રુવ એન. પરમાર
PR ૯૮.૮૨, ગુરુકુલ


યુગ એમ. ચાવડા
PR ૯૮.૭૨, વરાછા


વેદ એસ. પટેલ
PR ૯૮.૬૧, વસ્ત્રાલ


જેનિસ પી. પટેલ
PR ૯૮.૨૭, છાત્રાલય


હેત એ. માણિયા
PR ૯૮.૦૨, ગુરુકુલ


ધ્યાન એ. રત્નુ
PR ૯૭.૮૯, SDIS


હેત એમ. સુથાર
PR ૯૭.૨૩, પાલનપુર


કર્મ જે. સુથાર
PR ૯૬.૯૪, ગુરુકુલ


હર્ષિલ બી. ભાવાણી
PR ૯૬.૬૬, ગુરુકુલ


હેત પી. પ્રજાપતિ
PR ૯૬.૬૬, કલોલ


સંદીપ બી. ગોહિલ
PR ૯૬.૨૨, ઘન.નગર


દર્શન આર. નાઈ
PR ૯૬.૨૨, સેટે.


નેવિલ આર. ગોવાણી
PR ૯૫.૯, વરાછા

### CBSC


માનવ ડી. ચૌહાણ
PR ૯૫.૧, ઘન.નગર


રેયાન એમ. મહારાજા
PR ૯૬.૮, સેટેલાઈટ


દર્શ જે. પટેલ
PR ૯૬.૭૫, પુણે


પાર્થન કે. પટેલ
PR ૯૬.૭૫, ચાંદખેડા


પ્રત્યક્ષ જી. પટેલ
PR ૯૫, સ્વા.ધામ


દેવ આર. પરીખ
PR ૮૯.૬૮, ચાંદખેડા

# અભિનંદન...

## Result in Std.10th & 12th Comm. & Sci.
## Eng. Med. & Guj. Med.

# 2026

## એસ.એમ.વી.એસ.ના ઝળહળતા સિતારા

### ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ


દિવ્ય સી. પટેલ
PR ૯૯.૬૩, છાત્રાલય


આયુષ સી. પટેલ
PR ૯૮.૯૨, ગુરુકુલ


આદર્શ યાદવ
PR ૯૮.૫૪, વાસણા


રુદ્ર પી. ઠક્કર
PR ૯૮.૨૬, ઘન.નગર


પુષ્પેન્દ્રસિંહ એસ. સોલંકી
PR ૯૮.૦૩, ગુરુકુલ


નીલ પી. સાવલિયા
PR ૯૭.૬૪, વરાછા


કૌટિલ્ય એસ. પટેલ
PR ૯૬.૭૨, SDIS



વ્રજ એ. પાઘડાળ
PR ૯૬.૫૨, છાત્રાલય


સોહમ જી. પટેલ
PR ૯૪.૪૫, ગુરુકુલ


શિવાંગ ડી. રાઠોડ
PR ૯૪.૧૯, ગોતા


તન્મય એસ. પંચાલ
PR ૯૨.૮૬, ગુરુકુલ


ઉર્વીશ કે. ભાટિયા
PR ૯૨.૨૮, ઘન.નગર


જૈવ્ય જે. મણિયાર
PR ૯૧.૫૩, નરોડા


દર્શન આર. પટેલ
PR ૯૦.૭૭, છાત્રાલય


જૈનિલ એન. ધોળકિયા
PR ૯૦.૬૧, ગુરુકુલ

### ICSE

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ


સંકલ્પ એસ. પટેલ
PR ૯૪.૮૦, ઘન.નગર

### CBSE

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ


માનક કે. પટેલ
PR ૯૬.૭૫, ગોતા

### ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ


વિનીત એસ. હીંગુ
PR ૯૯.૬૫, ભાવનગર


જયદેવ એમ. કોંડિયા
PR ૯૭.૭૬, બરોડા


આર્યન એન. બારિયા
PR ૯૬.૯૭, ગોધરા


વેદ એસ. સુથાર
PR ૯૫.૬૮, ઊંઝા


મન આર. પંચાલ
PR ૯૩.૯૨, કલોલ


મનન એસ. ઘેટિયા
PR ૯૩.૪૮, રાજકોટ

## ધો.૧૦-૧૨ની વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| ધ્વનિ ડી.પંચાલ | નરોડા | ૯૯.૭૭ |
| દિવ્યા એન. પટેલ | ગાંધીનગર | ૯૯.૬૭ |
| મિશ્વા વી. શેલક | ગાંધીનગર | ૯૯.૬૭ |
| આસ્થા આર. પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૯.૫૬ |
| બંસી જી. ટાંક | રાજકોટ | ૯૯.૪૩ |
| સૃષ્ટિ બી. કાતરિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૯.૨૮ |
| સ્નેહા જે. પટેલ | રાજકોટ | ૯૯.૨૮ |
| રાહી એચ. સોની | સ્વા.ધામ | ૯૮.૯૨ |
| તૃષા બી. પ્રજાપતિ | ઇસનપુર | ૯૮.૮૨ |
| રેની પી. સુથાર | ગાંધીનગર | ૯૮.૭૨ |
| ઋત્વી જે. પટેલ | વિસનગર | ૯૮.૩૮ |
| બિન્દા આર. ઠક્કર | ઇસનપુર | ૯૮.૨૭ |
| જિયા ડી. પટેલ | ગાંધીનગર | ૯૮.૧૪ |
| અક્ષિતા એમ. રૂપારેલિયા | ઘાટલોડિયા | ૯૭.૮૯ |
| આર્યા એસ. પટેલ | સ્વા.ધામ | ૯૭.૬૩ |
| ઋત્વી જી. બોરડ | ગર્લ્સ ગુરુકુલ | ૯૭.૪૯ |
| શીના એન. રાવલ | ગાંધીનગર | ૯૭.૪૯ |
| યાત્રા એમ. આચાર્ય | ગર્લ્સ ગુરુકુલ | ૯૭.૨૩ |
| પ્રેક્ષા વી. ટાંક | ઘાટલોડિયા | ૯૭.૨૩ |
| દિશવા એમ. જાકાસણિયા | મોરબી | ૯૬.૬૬ |
| રાહી એમ. જાની | સેટેલાઇટ | ૯૬.૩૬ |
| હર્ષિતા જી. સીસારા | ગર્લ્સ ગુરુકુલ | ૯૬.૨૨ |
| માહી બી. પટેલ | ગાંધીનગર | ૯૬.૨૨ |
| પૂર્વા સી. પ્રજાપતિ | નરોડા | ૯૬.૦૬ |
| શ્રુતિ વી. પટેલ | મહેસાણા | ૯૫.૯૦ |
| પ્રીતિ જી. પટેલ | મહેસાણા | ૯૫.૯૦ |
| ઝિંકલ પી. સોલંકી | ગર્લ્સ ગુરુકુલ | ૯૫.૭૪ |
| સાની વી. પટેલ | ગાંધીનગર | ૯૫.૭૪ |
| મયૂરી પી. પ્રજાપતિ | ઇસનપુર | ૯૫.૫૮ |
| મેશ્વા જી. પટેલ | મહેસાણા | ૯૫.૫૮ |
| આસ્થા પી. પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૫.૨૬ |
| જિયા પી. મોદી | ગાંધીનગર | ૯૫.૧૦ |
| રાહી એ. શાહ | ઇસનપુર | ૯૫.૧૦ |
| તન્વીશા એમ. વાઢેર | ઘન.નગર | ૯૫.૧૦ |

### ધો.૧૦ની વિદ્યાર્થિનીઓ (CBSE-ICSE)

| | | |
|---|---|---|
| મોક્ષા કે. ગુપ્તા | સેટેલાઇટ | ૯૧.૬ |
| પલ પટેલ | મુંબઈ | ૯૧.૨ |
| સ્વરા આર. બ્રહ્મભટ્ટ | નરોડા | ૯૦.૮ |
| હેત્વી સી. પ્રજાપતિ | પુણે | ૮૯.૮ |

### ધો.૧૨ સામાન્ય પ્રવાહની વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| ધારા કે. ભાવસાર | ગોતા | ૯૯.૯૩ |
| નિષ્ઠા બી. મિસ્ત્રી | સે.૬ | ૯૯.૮૩ |
| કૃપા વી. મિસ્ત્રી | ગર્લ્સ ગુરુકુલ | ૯૯.૧૮ |
| અનેરી જે. ચોવટિયા | ઇસનપુર | ૯૮.૭૪ |
| નિષ્ઠા સી. ઠક્કર | નિકોલ | ૯૮.૬૦ |
| ક્રિનલ બી. ગોહિલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૮.૨૬ |
| મિસરી એસ. ચાવડા | રાજકોટ | ૯૭.૩૭ |
| માનસી આર. બલદાણિયા | ઘન.નગર | ૯૭.૩૭ |
| બંસી સી. પટેલ | ગાંધીનગર | ૯૭.૦૯ |
| જાનવી એસ. સિંધવ | સુ.નગર | ૯૭.૦૯ |
| મૈત્રી એસ. જાકાસણિયા | મોરબી | ૯૬.૯૧ |
| તેજલ જી. નિનામા | ગર્લ્સ ગુરુકુલ | ૯૬.૫૨ |
| દિયા કે. પટેલ | ચાંદખેડા | ૯૬.૨૨ |
| આરોહી કે. પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૫.૮૯ |
| યશ્વી એ. પટેલ | ગાંધીનગર | ૯૫.૬૦ |
| હેતુ ડી. પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૪.૩૩ |
| નિકિતા સી. ભીલવાડા | ગર્લ્સ ગુરુકુલ | ૯૩.૯૩ |
| હેત્વી બી. પ્રજાપતિ | ગર્લ્સ ગુરુકુલ | ૯૩.૫૩ |
| નેત્રા જે. પટેલિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૩.૦૦ |
| પલ એ. પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૨.૪૩ |
| જિયા પી. પટેલ | સ્વા.ધામ | ૯૧.૦૭ |
| નંદિની ડી. મિસ્ત્રી | ગાંધીનગર | ૯૦.૬૧ |
| નેત્રા ડી. ભાવસાર | સ્વા.ધામ | ૯૦.૪૫ |

### ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| કશિશ આર. તિલાવટ | નિકોલ | ૯૯.૨૧ |
| કાવ્યા એસ. પટેલ | ઘાટલોડિયા | ૯૭.૩૨ |
| નેત્રા પટેલ | ઘાટલોડિયા | ૯૭.૧૫ |
| શ્રેયા એસ. મોદી | નરોડા | ૯૪.૮૪ |
| નિધિ એસ. પટેલ | નરોડા | ૯૦.૩૬ |










## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










(૧-૪) બાયડ, અંકલેશ્વર તેમજ વડોદરા ખાતે વિચરણમાં લાભ (૫-૬) સુરત ઝોનમાં અનુક્રમે પિપલોદ તથા પાસોદરા ખાતે સત્સંગ વિચરણ (૭-૮) ઉના ખાતે પારાયણ પૂર્ણાહુતિ તેમજ ભાવનગર ખાતે વાર્ષિક પાટોત્સવમાં લાભ

Ghanshyam, July-2026 Published on 10-07-2026. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.




**વર્ષની ૧૨ પૂનમો પૈકી અગિયાર પૂનમ શિષ્યોની જ્યારે એક પૂનમ ગુરુની હોય છે. તે મંગળકારી દિન એટલે ગુરુપૂર્ણિમા - અષાઢ સુદ પૂનમનો દિન. આ દિવ્ય પ્રસંગે ગુરુજીનાં પૂજન-દર્શનનો અણમોલ લાભ લેવા માટે, દર વર્ષે જે તે ઝોનના હરિભક્તોએ અચૂક આ દિવ્ય લાભ લેવો.**

**ખાસ સૂચના :**

- તા. ૨૯/૭/૨૦૨૬ના રોજ ગુરુપૂર્ણિમાના મુખ્ય દિને માત્ર અમદાવાદ, ગાંધીનગર તથા મુંબઈ ઝોનના તેમજ અન્ય ઝોનમાંથી માત્ર આમંત્રિત મુક્તોએ જ લાભ લેવા પધારવાનું રહેશે.
- વાસણા તથા અન્ય ઝોનમાં પ્રત્યક્ષ લાભ લેવા આવનાર મુક્તોએ ગુરુમહિમાના ભાગ રૂપે ગુરુપૂજન માટે ફ્રૂટ-ડ્રાયફ્રૂટ, પૂજન માટે વિશિષ્ટ હાર, શ્રીફળ, સાકરનો પડો લઈને આવવું તે આપણો ગુરુમહિમા છે, મમત્વભાવ છે.
- ગુરુપૂર્ણિમાના મુખ્ય દિને અન્ય ઝોનના તમામ મુક્તોએ ઓનલાઈન લાભ લેવાનો રહેશે. તેમાં જ્યારે સૂચના આપવામાં આવે ત્યારે સૌ મુક્તોને વ્હાલા ગુરુજીના ઓનલાઇન પૂજનનો લાભ મળશે. એ માટે ચંદન વાટકી, તુલસીપત્ર તથા ફૂલનો હાર તૈયાર રાખવો.
- બાકી રહેલા તમામ ઝોનના મુક્તોને દયાળુ મૂર્તિ એવા વ્હાલા ગુરુજી નક્કી કરેલ તારીખો મુજબ ઝોનમાં પધારી દર્શનદાન આપી સુખિયા કરશે. સર્વે હરિભક્તોએ ગુરુજીને રાજી કરવા વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી. આ દિવસે આપના મિત્રવર્તુળ તથા સગાંસંબંધી સહિત પધારવા ભાવભર્યું નિમંત્રણ.

**અમદાવાદ, ગાંધીનગર તથા મુંબઈ ઝોન**

**તા : ૨૯-૭-૨૦૨૬, બુધવાર : સમય : સવારે ૯થી ૧૨**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - વાસણા, અમદાવાદ**

**પંચમહાલ ઝોન**

**તા. ૨૬-૭-૨૦૨૬, રવિવાર : સમય : સવારે ૧૦થી ૨**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર**

**ઝોનવાઈઝ તારીખોની યાદી**

| તારીખ | સવારે | સાંજે | તારીખ | સવારે | સાંજે |
|---|---|---|---|---|---|
| ૨૪-૭-૨૦૨૬ | - | મોડાસા | ૩૧-૭-૨૦૨૬ | - | ભુજ |
| ૨૬-૭-૨૦૨૬ | ગોધર | હિંમતનગર | ૨-૮-૨૦૨૬ | વડોદરા | સુરત |
| ૨૭-૭-૨૦૨૬ | - | વિજાપુર | ૪-૮-૨૦૨૬ | સુરેન્દ્રનગર | રાજકોટ |
| ૨૯-૭-૨૦૨૬ | અમદાવાદ | મહેસાણા | ૫-૮-૨૦૨૬ | ભાવનગર | - |
| ૩૦-૭-૨૦૨૬ | - | મોરબી | | | |